Published on 28th Every Month

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# શ્રી સારસ્વત

મુખપત્ર




વાર્ષિક લવાજમ : રૂા. ૩૦૦/- છૂટક નકલ : રૂા. ૩૦/-

વર્ષ : ૧૯ અંક : ૮/૯ સળંગ અંક : ૧૯૯/૨૦૦ ઓગસ્ટ/સપ્ટેમ્બર - ૨૦૨૪



: અધ્યક્ષ :

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર, જિ. મહિસાગર

: પ્રમુખ :

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.

: મુખ્ય સંપાદક :

**શ્રી અમિત આર. પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર, અમદાવાદ

## સુજ્ઞ આચાર્યગણ,

**આપની શૈક્ષણિક વિદ્વતા-વિશારદતાને દર્શાવો**

**અને પોતાની TV ચેનલ બનાવો !**

**આપની અને આપની સંસ્થાની ઓળખ બનાવો અને રાજ્યભરના વિદ્યાર્થીઓને લાભાન્વિત કરો.**

Virtual विद्यापीठ

# World's 1st Educational OTT Platform

- શિક્ષકોને મળશે અત્યાધુનિક સ્ટુડિયોનો વપરાશ.
- એડિટિંગ ટીમની સુવિધા.
- હાઇક્વૉલિટી એનિમેશન લાઇબ્રેરી.



કુલ્લી એનિમેટેડ 3 લેયર આધુનિક ટેક્નોલોજી સાથેનો આપનો વીડિયો બનાવો વિનામૂલ્યે અને બનો એવરગ્રીન ટીચર.

શિક્ષકોનું પોતાનું પ્લેટફોર્મ ▷ શિક્ષકોની અને સંસ્થાની પોતાની ટી.વી. ચેનલ ▷ વિદ્યાર્થીઓનું ટી.વી.ના પડદે લર્નિંગ પ્લેટફોર્મ

VIEW SAMPLE VIDEOS

8th FLOOR, D BLOCK, GANESH MERIDIAN, SG ROAD, AHMEDABAD, GUJARAT 380061

+91 9055141414 info@virtualvidyapith.com www.virtualvidyapith.com

**AVAILABLE ON ALL TV PLATFORMS :**

LG Smart TV | Samsung SMART TV | androidtv | fire tv stick | GET IT ON Google Play | Download on the App Store

## IDeAL Initiatives (Eng. & Guj. Medium)

| પ્રિસ્કૂલ Solution | પ્રિસ્કૂલ નોટબુક | ધો. 1 થી 10 | ધો. 9 થી 12 | Classroom Software | E-Learning App | LMS & ERP | School TV Channel |
|---|---|---|---|---|---|---|---|
| Popkorn | ideal BUDDY | MENTOR / IDEAL SERIES | Revise Maths / Physics / Chemistry Example's Notebook | I CLASS | ideal student | flinnt | Kidsera |

**SPECIMEN COPY બુક કરાવો.**

QR Code Scan કરી અથવા 9055010101 પર call કરી આપની શાળાનું નામ અને એડ્રેસ મોકલાવવા વિનંતી. અમારી ટીમ તમને Specimen પહોંચાડશે.

IDEAL® Get Involved

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,

હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર

www.shreesaraswat.com

વર્ષ : ૧૯ અંક-૮/૯ સળંગ અંક : ૧૯૯/૨૦૦ ઑગસ્ટ/સપ્ટેમ્બર : ૨૦૨૪ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦



-: અધ્યક્ષ :-

**શ્રી જયપ્રકાશ પી. પટેલ**

મુ. પો. જાનવડ, તા. સંતરામપુર,
જિ. મહીસાગર-૩૮૯૨૬૦
શ્રી ઉન્નતિ માધ્યમિક શાળા
મુ. હિરાપુરા, તા. સંતરામપુર
જિ. મહીસાગર
(મો.) ૯૪૨૬૫૦૯૨૨૬
E-mail : jppatelbjp@gmail.com

-: પ્રમુખ :-

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

શ્રી સી.જી. મહેતા વિદ્યામંદિર,
ઉમેદગઢ, તા. ઈડર, જિ. સા.કાં.
૧૮, પ્રેમપુર બંગ્લોઝ, ઉમિયા સીટી
હોમ્સની બાજુમાં, ગાયત્રી
મંદિર રોડ, મહાવીરનગર,
હિંમતનગર, જિ. સાબરકાંઠા
(મો.) ૭૮૭૪૮૦૪૪૦૪

-: મુખ્ય સંપાદક :-

**શ્રી અમિત પંડ્યા**

શ્રી માતૃછાયા હાયર
સેકન્ડરી સ્કૂલ
સુખરામનગર,
ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧.
(મો.) ૯૯૭૪૫૨૫૨૩૨

-: ઉપાધ્યક્ષ :-

**શ્રી હરદેવસિંહ પી. જાડેજા**

ચંદ્રસિંહજી હાઈસ્કૂલ,
મુ. ધ્રોલ, તા. ધ્રોલ,
જિ. જામનગર
(મો.) ૯૪૨૬૯૭૫૮૩૩

-: કલ્યાણનિધિ કન્વીનર :-

**શ્રી સુરેશભાઈ પી. સરસાવડિયા**

શ્રી સાવડી હાઈસ્કૂલ,
સાવડી, તા. ટંકારા,
જિ. મોરબી.
(મો.) ૯૯૯૮૧૬૭૮૩૬

-: અન્વેષક :-

**શ્રી પંકજકુમાર સી. પરમાર**

એન.એમ. વાડિયા (તાતા વાડિયા)
હાઈસ્કૂલ, નાગરોલ. તા. ઉમરગામ,
જિ. વલસાડ-396135.
(મો.) 9825697398

**મહામંત્રી**

| -: ઉત્તર ઝોન :- | -: મધ્ય ઝોન :- | -: દક્ષિણ ઝોન :- | -: સૌરાષ્ટ્ર ઝોન :- |
|---|---|---|---|
| **શ્રી ભરતભાઈ એમ. ચૌધરી** | **શ્રી કેતનભાઈ ચંદુભાઈ પટેલ** | **શ્રી મિતેષકુમાર એસ. પટેલ** | **શ્રી સુનીલકુમાર સી. બરોસીયા** |
| શ્રીમતી તા.ર.કૂ.શાહ સાર્વ. હાઈસ્કૂલ માણકપુર, તા. માણસા, જિ. ગાંધીનગર | આર. કે. વિદ્યાલય, પેટલાદ. જિ. આણંદ | શ્રી ડી. કે. પટેલ સાર્વ. હાઈસ્કૂલ, થુવાવી, તા. ડભોઈ, જિ. વડોદરા. | આર.એલ. અમૃતિયા હાઈ., ગોંડલ ત્રાકુડા, સ્મિત ગણેશ-નગર, ગુંદાળા રોડ, ગોંડલ. |
| (મો.) ૯૯૨૪૩૩૫૨૧૦ | (મો.) ૭૬૯૮૪૩૫૨૩૫ | (મો.) ૯૪૨૮૧૧૬૬૮૯ | (મો.) ૯૮૭૯૫૨૩૦૬૪ |

-: પ્રમુખના મંત્રી :-

**શ્રી પંકજકુમાર આર. પટેલ**

સ્વામી વિવેકાનંદ હાઈસ્કૂલ, મુ. પો. તા. લુણાવાડા,
જિ. મહીસાગર. (મો.) 9428446720

-: સારસ્વત સહ સંપાદક :-

**શ્રી દિપકકુમાર પી. પટેલ**

લાયોનેસ કર્ણાવતી એમ.એચ. હિન્દી હા.સે. સ્કૂલ, નવા વાડજ,
અમદાવાદ-380013. (મો.) 9427311939

# શ્રી સારસ્વત

''न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ''

કાર્યાલય : 'સારસ્વત ભવન', અભિષેક બિલ્ડીંગ, બીજો માળ,
હોટલ હવેલીની સામે, સેક્ટર-૧૧, 'ચ' રોડ, ગાંધીનગર
www.shreesaraswat.com

વર્ષ : ૧૯ અંક-૮/૯ સળંગ અંક : ૧૯૯/૨૦૦ ઑગસ્ટ/સપ્ટેમ્બર : ૨૦૨૪ વાર્ષિક લવાજમ - રૂા. ૩૦૦

## અનુક્રમણિકા

1. અધ્યક્ષશ્રીનો પત્ર ....................05

2. પ્રમુખશ્રીનો પત્ર ....................07

3. મહામંત્રીશ્રીનો પત્ર ....................09

4. રાષ્ટ્રીય શિક્ષણનીતિ - NEP 2020 પ્રેરિત ક્ષમતા આધારિત અધ્યયન : ભવિષ્યના શિક્ષણની પુનઃકલ્પના.................. - ડૉ. નીરવ એન. ઠક્કર ....................12

5. પઢાઈ કા વિજ્ઞાન-4 .................. - પ્રાંજલભાઈ જોષી....................21

6. આચાર્ય સજ્જતા.................. - મહેશભાઈ શર્મા....................25

7. પ્રિય તાસ - પ્રોક્સિ તાસ .................. - દિનેશ માંકડ ....................27

8. શૈક્ષણિક સંકુલમાં આચાર્યની ભૂમિકા સંકુલને કઈ રીતે ઊંચાઈ પર લઈ જઈ શકે - જી. એસ. દેધરોટિયા....................29

9. 'શ્રેષ્ઠ શિક્ષક' માટેના રાજ્ય પારિતોષિક વર્ષ-2024 મેળવનાર આપણા આચાર્યશ્રીઓ ..........32

10. ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડની ચૂંટણીના હરીફ ઉમેદવારની યાદી ....................39

**નોંધ :** શ્રી સારસ્વતમાં પ્રસિદ્ધ થતા જે-તે લેખ / માહિતીમાં લેખકોના પોતાના મંતવ્યો છે. તેની સાથે મહામંડળ તથા સંપાદક કે સહસંપાદક સંમત છે, તેમ માનવું નહિ.



શ્રી જયપ્રકાશ પી. પટેલ
અધ્યક્ષ

# અધ્યક્ષશ્રીનો પત્ર

**સુજ્ઞ સારસ્વત મિત્રો,**

**નમસ્કાર...**

મિત્રો, પવિત્ર શ્રાવણ માસની શરૂઆત થઈ ગયેલ છે અને આપસૌ આપણા શૈક્ષણિક કામમાં સંપૂર્ણપણે વ્યસ્ત હશો. સાથે સાથે સમગ્ર ગુજરાતમાં મેઘરાજા પણ મન મુકીને વરસી રહ્યા છે ત્યારે આપણે પણ આપણા પરિવાર તેમજ શાળામાં અતિ વરસાદના કારણે કોઈ હોનારત ન થાય તેનું દયાન રાખીએ.મિત્રો, આપણી રજૂઆતના પરિણામે સમગ્ર ગુજરાતમાં આચાર્યની ભરતી,જુના શિક્ષકોની ભરતી, ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની ભરતી તેમજ માધ્યમિક શિક્ષકોની ભરતી સંદર્ભે સરકારશ્રીએ ભરતીની જાહેરાત કરેલ છે ત્યારે સરકારશ્રીનો આભાર માનીએ. વહેલી તકે આ ભરતી થાય જેથી તમામ શાળાઓને શિક્ષકો મળી રહે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય ચૂંટણી-૨૦૨૪નું જાહેરનામું પ્રસિદ્ધ થયું જેના પરિણામે ગુજરાત રાજ્ય આચાર્ય સંઘની પાર્લામેન્ટરી બોર્ડની રચના કરવામાં આવી. આપ સૌ મિત્રોએ મને પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષ તરીકેની જવાબદારી આપી ત્યારે હું પાર્લામેન્ટરી બોર્ડના તમામ સદસ્યો તેમજ હોદ્દેદારોનો આભાર વ્યક્ત કરું છું.રાજ્ય પાર્લામેન્ટરી બોર્ડે શ્રી ભાનુપ્રસાદ એ પટેલની પસંદગી કરી. અને સમગ્ર રાજ્યના સારસ્વતોએ આ પસંદગીને આવકાર આપ્યો. ચાર જેટલા મિત્રોનો દાવો હતો પરંતુ સંગઠનના હિતમાં સૌનો અદમ્ય સાથ અને સહકાર મળ્યો ત્યારે આ મિત્રોનો પણ જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ અને આપણા પાર્લામેન્ટરી બોર્ડના ઉમેદવાર શ્રી ભાનુપ્રસાદ એ પટેલ બોર્ડ સદસ્ય તરીકે બિનહરીફ વિજેતા થયેલ છે જે આનંદની બાબત છે, મિત્રો આપણે સૌ સંગઠિત રહીશું તો કોઈપણ કાર્ય અશક્ય રહેતું નથી. આ યશના ભાગીદાર સમગ્ર રાજ્યના સારસ્વત મિત્રો આપ છો..

ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિએ રાજ્ય સરકારના મંત્રીઓની કમિટી સાથે ૧૯/૦૯/૨૦૨૨ના રોજ થયેલ સમાધાન મુજબ તા-૦૧/૦૪/૨૦૦૫ પહેલા ભરતી થયેલ કર્મચારીઓને જૂની પેન્સન યોજનામાં સમાવવા તથા અન્ય પડતર પ્રશ્નોના પરિપત્ર / ઠરાવ કરાવવા માટે વારંવાર રજુઆતો કરેલ છે પણ તેનું પરિણામ મળેલ નથી આપણે સંયુક્ત કર્મચારી મોરચા સાથે જોડાયેલા છીએ અને તેમણે આપેલ તમામ કાર્યક્રમોમાં પણ આપણે સક્રિયપણે જોડાઈ ભાગ લેવાનો છે અને આપણી તાકાત બતાવવાની છે. તો આ તબક્કે હું સમગ્ર ગુજરાતના કર્મચારીઓને સંયુક્ત મોરચાએ તેમજ આપણી સંકલન સમિતિએ આપેલ તમામ કાર્યક્રમોમાં ફરજીયાત હાજર રહેવા અનુરોધ છે. પુનઃ ગુજરાત રાજ્યના સમગ્ર આચાર્યોમાંથી એક માત્ર સીટ ઉપર આપણે બિનહરીફ વિજેતા થયેલ છીએ ત્યારે પુનઃ રાજ્યના હોદ્દેદારો તેમજ જિલ્લા / શહેર ઘટક સંઘોના હોદ્દેદારોનો આભાર વ્યકત કરી વિરમું છું.

**“સંઘે શક્તિ કલૌ યુગ”**

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**


આપનો,

**જયપ્રકાશ પી. પટેલ**

અધ્યક્ષ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

# પ્રમુખશ્રીનો પત્ર



**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**
પ્રમુખ

**સુજ્ઞ સારસ્વત મિત્રો,**

**નમસ્કાર....... કુશળ હશો..........**

ચાલુ શૈક્ષણિક સત્ર લગભગ પૂર્ણતાને આરે છે. સમગ્ર રાજ્યમાં મેઘરાજાએ મહેર કરી દીધી છે. ભારતીય સંસ્કૃતિના તહેવારો પવિત્ર શ્રાવણ માસ પૂર્ણ થઈ ગયો છે. તાલીમો, એકમ કસોટી, કલા ઉત્સવ, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન વગેરે પ્રવૃત્તિઓ શાળા કક્ષાએ ચાલી રહી છે. શાળા કક્ષાના તમામ પ્રશ્નોએ આચાર્યે પ્રથમ લાગુ પડે છે. આપણે સૌ અન્ય સંવર્ગના પ્રશ્નોને પણ જવાબદાર શાળાના મોભી તરીકે આપણા પ્રશ્નો સમજી વાચા આપીએ છીએ. આપણું સંગઠન અને રાજ્યના હોદ્દેદારો પણ જવાબદારીપૂર્વક આપ સૌને મૂંઝવતા પ્રશ્નોને સાચી દિશામાં રજૂઆત અને ઉકેલ માટે નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરે જ છે.

મિત્રો, સંગઠનની સાથ સાથે ગુજરાત માધ્યમિક અને ઉ.મા. શિક્ષણ બોર્ડમાં આપણું યોગ્ય પ્રતિનિધિત્વ પણ જરૂરી છે, જેના ભાગરૂપે બોર્ડની સામાન્ય ચૂંટણી-2024નું જાહેરનામું પ્રસિદ્ધ થતાં પાર્લામેન્ટરી બોર્ડની રચના કરી, જેમાં આપણા સૌના રાહબર એવા બંધારણ મુજબ જે. પી. પટેલની પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષ તરીકે નિમણૂંક કરવામાં આવી. રાજ્યમાંથી ચાર ઉમેદવારોએ પાર્લામેન્ટરી બોર્ડ સમક્ષ ઉમેદવારી નોંધાવી હતી, જેમાં મને પાર્લામેન્ટરી બોર્ડના સત્તાવાર માન્ય ઉમેદવાર તરીકે પસંદ કર્યો, જે બાબતથી આપ સૌ વાકેફ છો. મારી પસંદગી કરવા બદલ પાર્લામેન્ટરી બોર્ડના અધ્યક્ષ તેમજ સૌ સભ્યોનો હૃદયપૂર્વક આભાર માનું છું.

સારસ્વત મિત્રો, પાર્લામેન્ટરી બોર્ડના આદેશ અનુસાર મેં બોર્ડમાં ઉમેદવારી નોંધાવી, જેની સાથે અન્ય મિત્રોએ પણ દાવેદારી નોંધાવી. પરંતુ સંગઠનના હિત માટે વિશાળ હૃદય રાખી સમગ્ર રાજ્યના સારસ્વત મિત્રો અને ઘટક તેમજ રાજ્ય ઘટક સંઘના હોદ્દેદારોની મહેનતથી મારી સામે દાવેદારી કરનાર મિત્રોએ ઉમેદવારી પાછી ખેંચતાં મને બિરહરીફ વિજય અપાવ્યો તે બદલ ઉમેદવારી પરત ખેંચનાર તેમજ પાર્લામેન્ટરી બોર્ડના સદસ્યો, રાજ્યના સૌ હોદ્દેદારો તેમજ

પૂર્વપ્રમુખશ્રીઓ, પૂર્વ બોર્ડ સભ્યશ્રીઓ, શહેર/જિલ્લા ઘટક સંઘના સૌ હોદ્દેદાર મિત્રો તેમજ સૌ સારસ્વત મિત્રોએ જે સાથ-સહકાર આપ્યો છે તે તમામનો ઋણસ્વીકાર કરી હૃદયપૂર્વક આભાર માનું છું. સંગઠનને મજબૂત કરવા તેમજ શિક્ષણક્ષેત્રના પડતર પ્રશ્નોના નિરાકરણમાં આપ સૌની અપેક્ષાઓ પૂર્ણ કરવા સતત કાર્યશીલ રહીશ તેની આ તબક્કે ખાતરી આપું છું.

લાંબા સમયથી સરકારશ્રી દ્વારા સમાધાનમાં જાહેર કરેલ આપણા પડતર પ્રશ્નોના પરિપત્ર/ઠરાવ કરેલ નથી, જેથી ન છૂટકે આ પ્રશ્નોના નિરાકરણ માટે ગુજરાત રાજ્ય સંયુક્ત કર્મચારી મોરચા દ્વારા આંદોલન માટે વિગતવાર કાર્યક્રમ જાહેર કરેલ છે. તા. 17-9-2024ના રોજ આપેલ કાર્યક્રમ સરકારશ્રી સાથેની બેઠક બાદ સ્થગિત કરેલ છે. પરંતુ એકાદ સપ્તાહમાં નિરાકરણ નહીં આવે તો આગામી સમયમાં જલદ કાર્યક્રમ આપવામાં આવશે. 5/1/65ના ઈજાફાની સ્પષ્ટતા સંદર્ભમાં નાણા વિભાગ સાથે પરામર્શ કરીને આ ઈજાફો માન્ય રાખવા અંગે સ્પષ્ટતાઓ થઈ ગયેલ છે, તો ઘટક સંઘના પ્રમુખ/મહામંત્રીશ્રીઓને જે-તે જિલ્લાની ફાઈલો મંજૂરી અર્થે મોકલી આપવા સૂચન છે. ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંકલન સમિતિનું સંયુક્ત કર્મચારી મોરચા સાથે જોડાણ છે. આંદોલનના કાર્યક્રમમાં આપણી સક્રિયતા જરૂરી છે ત્યારે આપ પૌ સંગઠનના હિતમાં આંદોલન કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેશો તેવી અપેક્ષા સાથે પુનઃ આપ સૌ સારસ્વત મિત્રોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરૂં છું.

**''સંઘે શક્તિ કલૌ યુગ''**

**ભારત માતા કી જય...** **જય જય ગરવી ગુજરાત...**

આપનો,

**શ્રી ભાનુપ્રસાદ એ. પટેલ**

પ્રમુખ

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ



**ભરતભાઈ ચૌધરી**
મહામંત્રીશ્રી

## મહામંત્રીશ્રીનો પત્ર

**આત્મીય સારસ્વત મિત્રો,**

કુશળ હશો, કુશળતા ચાહતા કુશળ છીએ...

મિત્રો ભગવાન ભોળાનાથની આરાધના માટે નો પવિત્ર શ્રાવણ માસ, શ્રીકૃષ્ણ જન્મોત્સવ, સ્વાતંત્ર પર્વ સાથે સાથે પ્રથમ શૈક્ષણિક સત્ર ના ખૂબ જ અગત્યના એવા ચાર માસ જોત જોતામાં પૂરા થઈ ગયા. એકબાજુ શાળાઓમાં શિક્ષકો, ક્લાર્ક,પટાવાળાની ખાલી જગ્યાઓ અને બીજી બાજુ ઓનલાઇન માહિતીઓનો ધોધમાર પ્રવાહ સતત વહેતો રહે છે. આ બધી પરિસ્થિતિ સામે વિદ્યાર્થીઓના શિક્ષણના હિતમાં આપ સૌ બાહોશી પૂર્વક જજુમી રહ્યા છો તેવા સૌ જ્યોતિર્ધર સારસ્વતો ને અભિનંદન સહ વંદન...

મિત્રો આપ સૌ જાણો છો તેમ આચાર્ય તથા જુના શિક્ષક ભરતી ની જાહેરાત આવી ગઈ છે પ્રક્રિયા ચાલુ છે આગામી 1- ઓક્ટોબરના રોજ 7500 જેટલા શિક્ષણ સહાયક ભરતી માટે પણ જાહેરાત આવવાની છે, પરંતુ ખૂબ જ દુઃખની વાત એ છે કે હજુ સુધી સરકાર આપણને હંગામી વ્યવસ્થા મુજબ જ્ઞાન સહાયક પણ આપી શકી નથી, અમો સતત દરેક બાબતમાં જાગૃત સંગઠક તરીકે બધી જ રજૂઆત કાળજીપૂર્વક નિયમિત રીતે કરીએ છીએ તેમ છતાં સમય મર્યાદામાં સફળતા મળતી નથી.

મિત્રો આગામી પ્રથમ શાળાકીય સત્રાંત પરીક્ષા માટે ધોરણ 10 અને 12 ની જેમ ધોરણ 9 અને 11 ના પ્રશ્નપત્ર નું પરિરૂપ પણ બોર્ડ દ્વારા મોડા મોડા બદલવામાં આવ્યું છે ખેર ‘દેર આયે દુરસ્ત આયે' આપણા હૈયે વિદ્યાર્થીઓનું હિત વસેલું છે ત્યારે આપણે સૌ વિદ્યાર્થીઓના ઉજ્વળ ભવિષ્ય માટે કટિબદ્ધ છીએ જ અને રહીશું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર ની સામાન્ય ચૂંટણી યોજાઈ રહી છે, જેમાં સમગ્ર રાજ્યમાંથી આચાર્ય ખંડ-1 માટે ફક્ત એક જ ઉમેદવાર આપણે ચૂંટીને

આપણા પ્રતિનિધિ તરીકે બોર્ડમાં મોકલવાનો હોય ત્યારે સ્વાભાવિક રીતે અનુભવી, અભ્યાસુ, સક્ષમ અને મજબૂત ઉમેદવાર જ મોકલવા પડે, તેથી પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા સંગઠનના વ્યાપક હિતમાં સરવાનુંમતે રાજ્યના પ્રમુખ શ્રી ભાનુપ્રસાદ એ. પટેલને ચૂંટણી લડવા આદેશ કર્યો, ચાર જેટલા મિત્રોનો દાવો હતો પરંતુ સંગઠનના હિતમાં સૌનો અદમ્ય સાથ અને સહકાર મળ્યો અને તેના પરિણામે જ આપણી સૌની સંગઠન પ્રત્યેની નિષ્ઠા ના કારણે આપણે આપણા ઉમેદવારને બિનહરીફ કરી શક્યા. જેનાથી આપણું સંગઠન એક મજબૂત સંગઠન છે તેવું પ્રસ્થાપિત કરી શક્યા અને આપણે આપણી એકતા ના દર્શન સમગ્ર રાજ્યના શિક્ષણ જગતને કરાવી શક્યા છીએ, તે બદલ આપ સૌને જેટલા અભિનંદન આપું તેટલા ઓછા છે, આ યશના ભાગીદાર સમગ્ર રાજ્યના સારસ્વત મિત્રો આપ છો..

મિત્રો ગુજરાત રાજ્ય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ અને ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળ દ્વારા આપણા પડતર પ્રશ્નોના ઉકેલ માટે આગામી ઓક્ટોબર માસથી આંદોલનના કાર્યક્રમો તબક્કા વાર જાહેર કરવામાં આવ્યા છે, જેમાં આપ સૌની હાજરી અનિવાર્ય છે. સંકલન સમિતિના આદેશનું પાલન કરીએ અને આપણા હક્કો ની આ લડાઈમાં 100% હાજર રહેવા સૌને આગ્રહ પૂર્વક વિનંતી કરું છું. મિત્રો માત્ર ઘેર બેઠા વોટ્સએપ ના માધ્યમથી સુફિયાણી સલાહ આપવાથી કે વાતો કરવાથી ક્યારેય પરિણામ નહીં મળે, આપણે સૌએ ખભે ખભો મિલાવી આ લડતમાં ફરજિયાત જોડાવું પડશે, તો અને તો જ આપણે સફળ થઈશું. પુનઃ સૌને આંદોલનમાં જોડાવા આહવાન કરું છું...

આપનો,
**શ્રી ભરતભાઈ ચૌધરી**
મહામંત્રી,
ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ

## ખુશી અને આત્મ-સંતુષ્ટિ સાથે સમૃદ્ધિ મેળવવા માટે

હું દરેક સમયે, **દરેક કાર્યમાં**
ઉત્સાહથી મારી પોતાની જાતને **પ્રશ્ન** પૂછું છું:

આ કાર્ય કે વસ્તુમાં હું હજુ પણ શું **વધારે સારું** કરી શકું?

શું કરવાથી હું આમાં મારું **શ્રેષ્ઠ યોગદાન** આપી શકું?

કોઈ પણ ચીજવસ્તુ હાલમાં છે તેનાથી **વધારે સારી રીતે**
હું કેવી રીતે **મૂકી** શકું, **બનાવી** શકું કે **રજૂ** કરી શકું?

કોઈ પણ કાર્ય કે વસ્તુ વધુ **ઝડપથી** અને / અથવા
તો ઓછામાં **ઓછા ખર્ચમાં** તેની **ગુણવત્તા** જાળવીને કે વધારીને,
છે તેનાથી વધુ સારી હું કેવી રીતે બનાવી કે કરી શકું?
આ અંગેનો વિચાર કરીને **ઉત્સાહથી** હું તેને **અમલમાં** મૂકું છું.

**વૃક્ષ વાવો, પર્યાવરણ બચાવો....**

# રાષ્ટ્રીય શિક્ષણ નીતિ - NEP : 2020 પ્રેરીત ક્ષમતા-આધારિત અધ્યયન : ભવિષ્યના શિક્ષણની પુનઃકલ્પના

**- ડૉ. નીરવ એન. ઠક્કર**
આચાર્ય, એઈએસ-એજી હાયર સેકન્ડરી સ્કૂલ
(મો.) ૯૮૯૮૬૭૯૪૯૪

**ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન :**

દાયકાઓથી ભારતીય શિક્ષણ પદ્ધતિ યાદશક્તિ અને ગોખણપટ્ટી આધારિત શિક્ષણને તેમજ પ્રમાણિત પરીક્ષણને વધુ પડતું મહત્ત્વ આપતી આવી છે, જેણે સતત બદલાતા જતા વિશ્વના પડકારો સામે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં તેની અસરકારકતા સામે પ્રશ્નો ઊભા કર્યા છે. ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (Competency Based Teaching Learning - CBTL) એક એવો સર્વમાન્ય વિકલ્પ છે, જે જ્ઞાન અને કૌશલ્યોના વિકાસ પર ભાર મૂકે છે. ક્ષમતા-આધારિત અધ્યયન એવા કૌશલ્યો પર ભાર મૂકે છે, જે વિદ્યાર્થીઓને તેમના જીવનમાં આવતા વાસ્તવિક પડકારો સામે તૈયાર કરે છે, તેમજ વ્યવહારમાં આવતી નવીન પરિસ્થિતિઓ સામે શું કરી શકાય, તેના ઊકેલ શોધવામાં મદદરૂપ થાય છે. આ અભ્યાસપૂર્ણ લેખમાં કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ તેમજ અન્ય વૈશ્વિક શ્રેષ્ઠ સંસ્થાઓ દ્વારા અપનાવવામાં આવેલ ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનની (Competency Based Teaching Learning - CBTL) સંકલ્પનાને સમજવાનો પ્રયાસ કરેલ છે. ભારતીય શિક્ષણ માટે ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના (CBTL) સંભવિત લાભો, તેના અમલીકરણ સાથે સંકળાયેલા પડકારો અને આ અભિગમને પ્રોત્સાહન આપવાની સંભાવનાઓ ચકાસે છે.

## ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (Competency Based Teaching Learning- CBTL) શું છે?

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ તેના અભ્યાસક્રમના માળખામાં આ ક્ષમતાને કંઈક આવી રીતે વ્યાખ્યાયિત કરે છે – "ક્ષમતા એટલે નિયત સમયમાં ચોક્કસ પ્રવૃત્તિ અસરકારક રીતે કરવાની આવડત."

ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (Competency Based Teaching Learning - CBTL) એટલે વિદ્યાર્થીઓ પોતાના વાસ્તવિક જીવનના પરિપ્રેક્ષ્યમાં તેમનાં જ્ઞાન અને કૌશલ્યોનો ઉપયોગ કરી શકે તેમજ તેને જ્યાં અને જયારે જરૂર પડે ત્યારે તેનું નિદર્શન કરી શકે. ક્ષમતા-આધારિત અધ્યાપન આવા જ્ઞાન અને કૌશલ્યો વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. હાલની શિક્ષણ પદ્ધતિ કે જે માત્ર પરીક્ષા

માટે વિષયવસ્તુને યાદ રાખવા એટલે કે ગોખણપટ્ટી પર આધારિત છે, જ્યારે આ નૂતન અભિગમ તેનાથી આગળ વધીને આધુનિક યુગમાં આવનારા પડકારો સામે વિદ્યાર્થીઓને તૈયાર કરવા પર ભાર મૂકે છે. ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન '21 મી સદી માટે જરૂરી કૌશલ્યો' જેવાં કે 'નિર્ણાયક વિચારસરણી,' 'સમસ્યા-ઊકેલ,' 'પ્રત્યાયન' અને 'પરસ્પરના સહયોગ'થી સજ્જ કરવાનો અભિગમ ધરાવે છે.

**ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનની (CBTL) લાક્ષણિકતાઓ** :

1) **વિદ્યાર્થીકેન્દ્રી :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન અભિગમમાં અધ્યયન પ્રક્રિયાના કેન્દ્રમાં વિદ્યાર્થીઓ છે. તે વિદ્યાર્થીઓને ચોક્કસ કુશળતા પર પ્રભુત્વ દર્શાવવાની, પોતાની ક્ષમતાના આધારે તેમજ તેમની પોતાની ઝડપે શીખવાને કે આગળ વધવાને સમર્થન આપે છે.

2) **કૌશલ્ય વિકાસ :** ક્ષમતા-આધારિત અધ્યયન એ 21મી સદીનાં કૌશલ્યો એટલે કે, 'નિર્ણાયક વિચારસરણી,' 'સમસ્યા- ઉકેલ,' 'પરસ્પર સહયોગ' અને 'પ્રત્યાયન' જેવાં કૌશલ્યોના વિકાસ પર ભાર મૂકે છે.

3) **અધ્યયનની લવચીક ગતિ :** અધ્યાપન દરમિયાન ચોક્કસ સમયમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવાના અભિગમ સાથે નહીં, પરંતુ વિદ્યાર્થીઓ જે-તે ચોક્કસ કૌશલ્યમાં નિપુણતા પ્રાપ્ત કર્યા પછી આગળ વધે તેવો અભિગમ રાખવામાં આવે છે.

4) **વૈયક્તિક ભિન્નતા અને અધ્યયન :** દરેક બાળકની વૈયક્તિક ભિન્નતાને કેન્દ્રમાં રાખીને તેમની જરૂરિયાતો, ક્ષમતા તેમજ તેમની વ્યક્તિગત રીતે શીખવાની અલગ-અલગ પદ્ધતિ મુજબ અધ્યાપન કરાવવામાં આવે છે.

5) **સતત મૂલ્યાંકન :** નિયમિત અને સતત મૂલ્યાંકન ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) એ આ અભિગમનું અભિન્ન અંગ છે. 'વિદ્યાર્થી ઈચ્છિત કૌશલ્યોમાં જ્યાં સુધી નિપુણતા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી અન્ય જ્ઞાન કે કૌશલ્ય તરફ આગળ ન વધવું' – આ સિદ્ધાંત મુજબ અધ્યયન કરાવવા માટે સતત મૂલ્યાંકન અનિવાર્ય છે. આ બાબત વિદ્યાર્થીએ ચોક્કસ કૌશલ્યો પ્રાપ્ત કર્યાં છે કે કેમ આ સંદર્ભે પ્રગતિ કેટલી છે એ શિક્ષક તથા વિદ્યાર્થી બંનેએ સમજવા માટે સતત મૂલ્યાંકન ચાવીરૂપ ભૂમિકા ભજવે છે.

6) **ક્ષમતા-આધારિત મૂલ્યાંકન :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનમાં (CBTL) ક્ષમતા-આધારિત મૂલ્યાંકન એ પાયાની ભૂમિકા ભજવે છે. તે પરંપરાગત પરીક્ષણોથી આગળ વધીને વાસ્તવિક જીવનના સંદર્ભોમાં તેમનાં જ્ઞાન અને કૌશલ્યોનો ઉપયોગ કરવાની તેમજ તે સંદર્ભની વિદ્યાર્થીઓની ક્ષમતા માપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. જેમાં વિવિધ પદ્ધતિઓ સામેલ હોઈ શકે છે,

જેમ કે....

a. **પ્રકલ્પો :** વિદ્યાર્થીઓ એવા પ્રકલ્પ પર કામ કરે છે - જેમાં, તેમનાં સંશોધન, માહિતીનું વિશ્લેષણ, સમસ્યાઓનો ઉકેલ જેવાં કૌશલ્યોનો વિકાસ થાય. પ્રકલ્પ દરમિયાન વિદ્યાર્થીએ કેટલી ઊંડાણપૂર્વકની સમજ કેળવેલ છે; સંશોધનના અંતિમ ધ્યેય સુધી પહોંચી શકે છે કે કેમ; તેની અસરકારક રીતે રજૂઆત કરી શકે છે કે કેમ- આ તમામ બાબતોની નોંધ રાખી શકાય અને તેના આધારે વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન થઇ શકે.

b. **સામગ્રી સંચય (પોર્ટફોલિયો) :** વિદ્યાર્થીઓ તેમના અધ્યયનનાં પ્રમાણ એકત્રિત કરે છે અને તેનો યોગ્ય રીતે સંચય કરે છે, જે સમય જતાં તેમણે પ્રાપ્ત કરેલ ક્ષમતાઓની પ્રગતિ દર્શાવે છે.

c. **કાર્યકૌશલ્ય મૂલ્યાંકન :** વિદ્યાર્થીઓ વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં જે-તે કાર્યમાં તેમનું કૌશલ્ય દર્શાવે. આ અનુસંધાને વિવધ પ્રયોગો હાથ ધરવા, તેની અસરકારક રજૂઆત કરવી, તેમજ તે સંદર્ભની ચર્ચાઓમાં ભાગ લેવો આ પદ્ધતિ દ્વારા વિદ્યાર્થીઓને પ્રતિપોષણ આપવું અને મૂલ્યાંકન કરવું.

7) **વિષયવસ્તુથી કૌશલ્ય તરફ :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન અભિગમમાં (CBTL) વિદ્યાર્થીઓ વાસ્તવિક જીવનમાં ઉપયોગી હોય તેવાં ચોક્કસ કૌશલ્યો અને જ્ઞાન પ્રાપ્ત કરી શકે. તેનું વિવિધ પરિસ્થિતિઓમાં નિદર્શન કરી શકે. આ પદ્ધતિ નક્કી કરેલ કૌશલ્યો પ્રાપ્ત કરવા અને તેને અસરકારક રીતે રજૂ કરવાની ક્ષમતા વિકસાવવાને પ્રાથમિકતા આપે છે. 'નિર્ણાયક વિચારસરણી,' 'સમસ્યા ઉકેલ,'' 'પ્રત્યાયન,' 'પરસ્પર સહયોગ' અને અન્ય આવશ્યક કૌશલ્યોના વિકાસ પર પણ ભાર મૂકે છે.

8) **અધ્યયન નિષ્પત્તિને સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત કરવી :** વિદ્યાર્થીઓ અભ્યાસ કરતા હોય તે દરેક વયજૂથ મુજબ એટલે કે તેમના અભ્યાસના ધોરણ મુજબ, વિવિધ અધ્યયન તબક્કે અધ્યયન નિષ્પત્તિ અને વિદ્યાર્થીઓએ પ્રાપ્ત કરવાની ક્ષમતાઓને સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. જે શિક્ષકો અને વિદ્યાર્થીઓને એક ચોક્કસ દિશા તથા માર્ગ સૂચવે છે અને સુનિશ્ચિત કરે છે કે વિદ્યાર્થીઓએ જે-તે સ્તરે કયાં કયાં જ્ઞાન અને કૌશલ્યો પ્રાપ્ત કરવાનાં છે.

9) **વ્યક્તિગત ગતિ :** વિદ્યાર્થીઓ માત્ર તેમને સોંપવામાં આવેલ સ્વાધ્યાય પૂર્ણ કરે કે માત્ર પરીક્ષા દરમિયાન જરૂરી ગુણ પ્રાપ્ત કરે, આમ કરવાના બદલે તેમણે મેળવેલ કૌશલ્યોનો વ્યવહારમાં ઉપયોગ કરી શકે તેમજ જયારે જરૂર પડે ત્યારે નિદર્શિત કરી શકે તેવું અપેક્ષિત છે. જે વિદ્યાર્થીઓ

પોતાને શીખવાના નિર્ધારિત સમય કરતાં વધુ સમય લે, તો તેની જરૂર મુજબનો વધારાનો સમય ફાળવવામાં આવે. ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) પધ્ધતિ વ્યક્તિને પોતાની ક્ષમતા મુજબ પોતાની ઝડપે અધ્યયન કરવાની બાબતને સમર્થન આપે છે.

10) **ઊંડી સમજ કેન્દ્રિત :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) વિષયવસ્તુ પરના પ્રભુત્વ પર ભાર મૂકે છે. વિદ્યાર્થીઓ નવા વિષય પર આગળ વધતાં પહેલાં જે તે સંકલ્પનાની ઊંડી સમજ મેળવે છે.

11) **પરીક્ષાઓ ઉપરાંત :** પરંપરાગત પરીક્ષણો ઘણીવાર વાસ્તવિક જીવનનાં કૌશલ્યોનું મૂલ્યાંકન કરવા માટે અપૂરતાં હોય છે. ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન અભિગમ મૂલ્યાંકન માટેની વિવિધ રચનાત્મક પદ્ધતિઓનો ઉપયોગ કરે છે, જેમ કે પ્રકલ્પ તૈયાર કરવા, પ્રેઝન્ટેશન્સ આપવાં, સામગ્રી સંચય (પોર્ટફોલિયો) તૈયાર કરવો અને ચોક્કસ પ્રવૃત્તિ-આધારિત કાર્યો કરવાં. આ પ્રકારનાં મૂલ્યાંકન વિદ્યાર્થીઓના વ્યવહારમાં જ્ઞાન અને કૌશલ્યોનો ઉપયોગ કરવાની ક્ષમતા માપે છે.

12) **ક્રિયાશીલ શિક્ષણ :** વિદ્યાર્થીઓ તેમના અધ્યયન દરમિયાન સક્રિયપણે સહભાગી બને છે, માહિતી મેળવવા માટે નિષ્ક્રિય શ્રોતા બનીને નહિ પરંતુ ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) દરમિયાન ચર્ચા, પ્રકલ્પ-આધારિત શિક્ષણ અને સમસ્યાના ઉકેલ જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરે છે.

13) **સ્વમૂલ્યાંકન :** વિદ્યાર્થીઓને તેમના અધ્યયનનું સ્વમૂલ્યાંકન કરવા અને તેમની શક્તિઓ અને નબળાઇઓ પર પરામર્શ કરવા માટે સમર્થ બનાવે છે, જે તેમના પોતાના અધ્યયનને પોતીકું ગણી તેની સંપૂર્ણ જવાબદારી સ્વીકારે છે.

14) **આંકડાકીય માહિતી આધારિત નિર્ણયો :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનમાં (CBTL) વિદ્યાર્થીઓની પ્રગતિ પર નજર રાખવા અને તેમના વિવિધ શૈક્ષણિક અને અપેક્ષિત કૌશલ્યોમાં સુધારણા માટેનાં ક્ષેત્રોને ઓળખવા માટે વિવિધ મૂલ્યાંકનની આંકડાકીય માહિતીનો ઉપયોગ કરે છે. આ આંકડાકીય માહિતીનો ઉપયોગ અભ્યાસક્રમ અને શિક્ષણ પદ્ધતિઓને સુધારવા માટે પણ થઈ શકે.

15) **અનુકૂલન ક્ષમતા :** ક્ષમતા-આધારિત અધ્યયન એક લવચીક પદ્ધતિ છે. જે સતત બદલાતી વૈશ્વિક જરૂરિયાતો અને પરિવર્તનો સાથે અનુકૂલન સાધે છે. ભવિષ્યની સફળતા માટે જરૂરી હોય તેવાં કૌશલ્યોના વિકાસ માટે અભ્યાસક્રમ અને પરીક્ષણ પદ્ધતિઓમાં સતત ફેરફાર કરી શકાય છે.

**ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન** (CBTL) **વૈશ્વિક પ્રણાલીઓ** :

વિશ્વના કેટલાક દેશોએ ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન અભિગમોનો સફળતાપૂર્વક અમલ કર્યો છે, ભારત માટે તેમના અનુભવ મૂલ્યવાન છે. જે આંતરદષ્ટિ પ્રદાન કરે છે.

- **સિંગાપોર :** સિંગાપોરની શિક્ષણ પ્રણાલી કૌશલ્ય વિકાસ અને જે- તે કૌશલ્યમાં નિપુણતા કેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવા માટે પ્રખ્યાત છે. અહીં વિદ્યાર્થીઓ માત્ર પરીક્ષામાં મેળવેલા ગુણભાર પર જ નહીં પરંતુ તેમની યોગ્યતાના પ્રદર્શનના આધારે પ્રગતિ કરે છે. આ પધ્ધતિ રચનાત્મક મૂલ્યાંકન પર પણ ભાર મૂકે છે અને વિદ્યાર્થીઓને નિપુણતા તરફ માર્ગદર્શન આપવા માટે સતત પ્રતિસાદ પૂરો પાડે છે.

- **ઓસ્ટ્રેલિયા :** ઓસ્ટ્રેલિયન અભ્યાસક્રમ "સામાન્ય ક્ષમતાઓ" પર ભાર મૂકે છે. જેમ કે 'વિવેચનાત્મક વિચારસરણી,'‘સમસ્યાનો ઉકેલ' અને 'પરસ્પરનો સહયોગ’ વિગેરે. આ અભિગમ શાળા કક્ષાએ શીખવવામાં આવતા વિવિધ વિષયોમાં આ કૌશલ્યોને સંકલિત કરે છે, જે સર્વાંગી શિક્ષણ અનુભવને સમર્થન આપે છે.

- **યુનાઈટેડ સ્ટેટ્સ :** યુએસની (US) ઘણી શાળાઓએ પ્રકલ્પ આધારિત શિક્ષણ અને ક્રિયાશીલ શિક્ષણ અભિગમો અપનાવ્યા છે. આ પદ્ધતિ શાળા કે શિક્ષણના કેન્દ્રમાં વિદ્યાર્થીઓને રાખે છે અને તેમને વાસ્તવિક-જીવનની સમસ્યાઓના ઉકેલ માટે તેમનાં જ્ઞાન અને કૌશલ્યોનો ઉપયોગ કરવા માટે સતત પ્રોત્સાહિત કરે છે. જે ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના (CBTL) સિદ્ધાંતો સાથે સુસંગત છે.

- **કેનેડા :** રોજગારક્ષમ કૌશલ્યો કેન્દ્રિતઃ કેનેડાની સરકાર કોલેજના સ્નાતકો માટે આવશ્યક રોજગાર કૌશલ્યો (Essential Employability Skills - EES) પર ભાર મૂકે છે. આ કૌશલ્યો જેવાં કે ‘પ્રત્યાયન,’ ‘સમસ્યાનો ઉકેલ અને પરસ્પરનો સહયોગ’. આ કૌશલ્યો દરેકેદરેક જગ્યાએ કાર્ય કરવા માટે જરૂરી છે અને તે પ્રમાણે જ સ્નાતકોને તૈયાર કરે છે.

  - ❖ **લવચીક અને અધ્યેતા કેન્દ્રિત :** કેનેડિયન શૈક્ષણિક કાર્યક્રમો લવચીક છે, જે વિદ્યાર્થીઓને પોતાની વ્યક્તિગત ઝડપે શીખવા અને તે પ્રમાણે પ્રગતિ કરવાની બાબતને સમર્થન આપે છે. જે યુનિવર્સલ ડિઝાઇન ફોર લર્નિંગના (યુડીએલ) સિદ્ધાંતો સાથે સુસંગત છે.

  - ❖ **કાર્યકૌશલ્ય આધારિત વિશિષ્ટ પ્રમાણપત્રો :** કેનેડા ચોક્કસ કાર્યકૌશલ્યોને પ્રમાણિત કરી તેનાં વિશિષ્ટ પ્રમાણપત્રો આપે છે. જે ચોક્કસ કૌશલ્યોને માન્યતા આપે છે. આ વિશિષ્ટ

કૌશલ્ય પ્રમાણપત્રો વિદ્યાર્થીઓ અને નાગરિકો માટે જીવનપર્યંત શિક્ષણ અને કૌશલ્ય-વિકાસનું સમર્થન કરે છે.

- **યુરોપ : નેશનલ ક્વોલિફિકેશન ફ્રેમવર્ક (એનક્યુએફ) :** સ્કોટલેન્ડ જેવા ઘણા યુરોપીયન દેશો નેશનલ ક્વોલિફિકેશન ફ્રેમવર્કનો ઉપયોગ કરે છે. આ માળખું વિવિધ શૈક્ષણિક સ્તરે અપેક્ષિત સ્પષ્ટ અધ્યયન નિષ્પત્તિઓ અને ચોક્કસ ક્ષમતાઓને વ્યાખ્યાયિત કરે છે. જે ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના અમલીકરણમાં સુસંગતતા અને પારદર્શકતા સુનિશ્ચિત કરે છે.

  ❖ **મૂલ્યાંકન કેન્દ્રી :** યુરોપીયન શૈક્ષણિક પદ્ધતિ વિવિધ પ્રકારની રચનાત્મક મૂલ્યાંકન પદ્ધતિઓનો ઉપયોગ કરે છે. જેમાં સામગ્રી સંચય (પોર્ટફોલિયો), પ્રોજેક્ટ્સ અને ચોક્કસ પ્રવૃત્તિ કે કૌશલ્યના વાસ્તવિક નિદર્શન આધારિત મૂલ્યાંકનનો સમાવેશ થાય છે. આ પધ્ધતિ માત્ર લેખિત પરીક્ષા પર આધાર રાખવાને બદલે વિદ્યાર્થીની યોગ્યતાના સમગ્રલક્ષી મૂલ્યાંકન પર ધ્યાન આપે છે.

  ❖ **જીવન પર્યંત શિક્ષણને પ્રોત્સાહન આપવું :** ફિનલેન્ડ જેવા યુરોપીયન દેશો આજીવન શિક્ષણને સમર્થન આપે છે. જે પુખ્ત વયના લોકો કે હાલ રોજગાર મેળવી રહ્યા છે; પણ, સાથે-સાથે નવાં કૌશલ્યો શીખવા ઈચ્છતા હોય અથવા અન્ય કૌશલ્ય આધારિત રોજગારી શોધતા હોય તેવા લોકોને તક પૂરી પાડે છે; જે સુનિશ્ચિત કરે છે કે બદલાતા જતા સમાજની જરૂરિયાતો મુજબ પર્યાપ્ત માનવબળ મળી રહે.

**ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના (CBTL) ભારતીય શિક્ષણમાં ફાયદા :**

- **અધ્યયન નિષ્પત્તિ :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) વિદ્યાર્થીઓની વૈયક્તિક જરૂરિયાતો અને કૌશલ્યોમાં નિપુણતા પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જે યાદ રાખવાની કે ગોખણપટ્ટી કરવાની તુલનામાં જ્ઞાનની ઊંડી સમજ કેળવવા તરફ દોરી જાય છે, જેને લીધે જ આ જ્ઞાન આત્મસાત થાય છે. વિદ્યાર્થીઓ તેમના અધ્યયનને પોતીકું સમજે છે અને તેમાં નિપુણતા પ્રાપ્ત કરવા માટે પ્રોત્સાહિત થાય છે.
- **રોજગાર ક્ષમતા :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન અભિગમમાં (CBTL) નોકરીદાતાઓ જે તે વિભાગના સ્નાતકો પાસે જે પ્રકારના કૌશલ્યોની અપેક્ષા રાખે છે, તે પ્રમાણેનું શિક્ષણ પ્રદાન કરે છે. જેમાં આધુનિક સમયના કૌશલ્યો, જેવાં કે, 'નિર્ણાયક વિચારસરણી', 'સમસ્યા ઉકેલ' અને 'પ્રત્યાયન' વગેરેનો સમાવેશ થાય છે. આ પ્રકારનું શિક્ષણ નોકરીદાતાની જે તે કૌશલ્યોની અપેક્ષિત નિપુણતા અને કર્મચારીઓના વાસ્તવિક કૌશલ્યો વચ્ચેના અંતરને દૂર કરે છે. જે સ્નાતકોને નોકરીઓ મેળવવામાં અને નવી ટેક્નોલૉજીને અપનાવવામાં વધારે સ્પર્ધાત્મક બનાવે છે.

- **નિષ્પક્ષ અને સમાવેશી :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) વિદ્યાર્થીઓને તેમની પોતાની ઝડપે અધ્યયન કરવાને સમર્થન આપે છે. તે ઉપરાંત અધ્યેતાની પોતાની અધ્યયન કરવાની પદ્ધતિ તેમજ તેની પોતાની ક્ષમતા પ્રમાણે અધ્યયન કરવાનો વિકલ્પ પૂરો પાડે છે. જે સમાવેશી શિક્ષણને પોષક વાતાવરણ ઊભું કરે છે. એવા વિદ્યાર્થીઓ માટે કે જેઓ પરંપરાગત શૈક્ષણિક પદ્ધતિઓ સાથે અધ્યયન કરી શકતા નથી, અથવા આ પદ્ધતિઓ દ્વારા અધ્યયન કરવામાં મુશ્કેલી અનુભવતા હોય તેવા વિદ્યાર્થીઓને ક્ષમતા-આધારિત અધ્યયન વધુ અનૂકુળ આવે છે. આવા વિશિષ્ટ વિધાર્થીઓના અધ્યયન માટે વિભિન્ન સૂચનાઓ તેમજ અધ્યયન વ્યૂહરચનાઓનો ઉપયોગ કરી શકાય છે.
- **આજીવન શિક્ષણ :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન કૌશલ્ય (CBTL) સતત શિક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરીને પ્રગતિશીલ અભિગમને પ્રોત્સાહન આપે છે. આ અભિગમ વિદ્યાર્થીઓને આજીવન શિક્ષણ અને વિવિધ આધુનિક કૌશલ્યો પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે અને બદલાતા જતા વિશ્વમાં અનુકૂલન સાધવા માટે તૈયાર પણ કરે છે.
- **રોજગારક્ષમ કૌશલ્યોને પ્રોત્સાહન :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) કાર્યક્રમોમાં રોજગારલક્ષી કૌશલ્યોને પ્રાધાન્ય આપવાથી એ સુનિશ્ચિત થઈ શકે છે કે શાળા - કોલેજમાંથી બહાર પડેલા સ્નાતકો ઔદ્યોગિક ક્ષેત્રે કે વ્યવહાર-નોકરીમાં જરૂરી કૌશલ્યોથી સજ્જ હોય.
- **રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખું (National Skill Qualification Framework) અપનાવવું:** કેન્દ્રીય માળખું વિવિધ શૈક્ષણિક સ્તરોમાં ચાવીરૂપ ક્ષમતાઓને વ્યાખ્યાયિત કરી, તે મુજબ અભ્યાસક્રમ અને મૂલ્યાંકન માટેનો એક ચોક્કસ માર્ગ પૂરો પાડે છે. ભારતીય રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખું દેશભરમાં ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના (CBTL) અમલીકરણમાં સાતત્ય અને સ્પષ્ટતા સુનિશ્ચિત કરી શકે છે.
- **વિવિધતાપૂર્ણ મૂલ્યાંકન :** અધ્યેતાના મૂલ્યાંકન માટે મૂલ્યાંકનની વિવિધ પરીક્ષણ પદ્ધતિઓ મિશ્ર કરી મૂલ્યાંકન કરવાથી વિદ્યાર્થીઓની યોગ્યતાનું સંપૂર્ણ ચિત્ર મેળવી શકાય.

**ભારતમાં રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખાના અમલીકરણ સામેના પડકારો :**

ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના (CBTL) આશાસ્પદ ફાયદાઓ હોવા છતાં, ભારતમાં તેના અમલ સામે નોંધપાત્ર પડકારો દેખાઈ રહ્યા છે, જેના પર કાળજીપૂર્વક વિચારણા કરવાની જરૂર છે.

- **શિક્ષકોની તાલીમ :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) તરફના સફળ પરિવર્તન માટે પ્રશિક્ષિત શિક્ષકોની જરૂર પડે છે, જે વિદ્યાર્થીઓનાં કૌશલ્યોનું અસરકારક રીતે મૂલ્યાંકન કરી શકે અને અધ્યેતાને એ પ્રકારનાં જ્ઞાન અને શૈક્ષણિક અનુભવો પૂરા પાડે, જેનાથી ભિન્ન પ્રકારના વિદ્યાર્થીઓની જુદી જુદી શીખવાની પદ્ધતિ સંતોષાઈ શકે. હાલના શિક્ષક તાલીમ કાર્યક્રમોમાં શિક્ષકોને ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના (CBTL) અમલીકરણ માટે જરૂરી શૈક્ષણિક કૌશલ્યોથી સુસજ્જ કરવા માટે નોંધપાત્ર સુધારાની જરૂર પડી શકે છે.

- **મૂલ્યાંકન સુધારા :** પરંપરાગત પ્રમાણભૂત પરીક્ષણો કૌશલ્યોના માપન માટે પૂરતાં નથી. તેથી વિદ્યાર્થીઓ નવીન મૂલ્યાંકન પદ્ધતિઓ જેમ કે, સામગ્રી સંચય (પોર્ટફોલિયો), પ્રકલ્પ, શીખેલ કૌશલ્યોના નિદર્શન પર ધ્યાન કેન્દ્રિત કરે તે જરૂરી છે. આ માટે શિક્ષકોની સઘન તાલીમ અને મૂલ્યાંકનમાં પારદર્શકતા, વિશ્વસનીયતા અને નિષ્પક્ષતા લાવવી જરૂરી છે.

- **અભ્યાસક્રમ પરિવર્તન :** ફક્ત વિષયવસ્તુને આવરી લેવાને બદલે વિશિષ્ટ કૌશલ્યો વિકસાવવા પર સ્પષ્ટપણે ધ્યાન કેન્દ્રિત કરવા માટે અભ્યાસક્રમોનું ફરીથી આલેખન કરવાની જરૂર છે. આમાં વિષયોને સંકલિત કરવા, પ્રકલ્પ- આધારિત શિક્ષણને સમાવિષ્ટ કરવું અને જ્ઞાનના ઉપયોગ માટે વાસ્તવિક- જીવનનાં દૃષ્ટાંતનો ઉપયોગ, વિગેરે બાબતોનો સમાવેશ થઈ શકે.

- **માનસિક પરિવર્તન :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના (CBTL) સફળ અમલીકરણ માટે માત્ર શિક્ષકો જ નહીં, પરંતુ વિદ્યાર્થીઓ, માતા-પિતા અને વ્યાપક સમુદાય માટે પણ માનસિકતામાં પરિવર્તન જરૂરી છે. યાદશકિત કે ગોખણપટ્ટી આધારિત પરીક્ષામાં મેળવવાના ગુણભાર પર ધ્યાન કેન્દ્રિત કરવાને અતિક્રમીને કાર્યકૌશલ્ય નિપૂણતા આધારિત અભિગમ માટે જાગૃતિ અભિયાનની જરૂર છે.

- **રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020) :** રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ભારતીય શિક્ષણ સિદ્ધાંતોને સમાવિષ્ટ કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ શરૂઆત છે. તે વિવિધ શૈક્ષણિક સ્તરોમાં ચાવીરૂપ ક્ષમતાઓને વ્યાખ્યાયિત કરી, તે મુજબ અભ્યાસક્રમ અને મૂલ્યાંકન માટેની એક ચોક્કસ માર્ગદર્શિકા પૂરી પાડે છે અને તેમાં ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના (CBTL) સિદ્ધાંતોને સમાવિષ્ટ કરવાની દિશામાં મહત્ત્વપૂર્ણ બાબતોને સાંકળી લીધી છે. તે 'વિદ્યાર્થીના સર્વાંગી વિકાસ,''વિવેચનાત્મક વિચારસરણી' અને 'સમસ્યા ઉકેલ' જેવાં કૌશલ્યો પર ભાર મૂકે છે. જે ક્ષમતા-આધારિત અધ્યયનના લક્ષ્યાંકો સાથે સંપૂર્ણ રીતે સુસંગત છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં (NEP : 2020) હાલ ચાલતા ૧૦ + ૨ ના માળખાને બદલે 5 + 3 + 3 + 4 અભ્યાસક્રમના માળખાની દરખાસ્ત કરેલ છે. જેમાં પાયાની સાક્ષરતા અને ગણન પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવેલ છે, ત્યારબાદ માધ્યમિક

શાળાઓમાં ક્ષમતા-આધારિત અધ્યયનનો અભિગમ અપનાવવામાં આવેલ છે.

- **શૈક્ષણિક આયોજન - સહિયારો પ્રયાસ :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનના (CBTL) સફળ અમલીકરણ માટે નીતિ ઘડવૈયાઓ, શિક્ષકો, વાલીઓ અને સમગ્ર સમુદાય દ્વારા સાતત્યપૂર્ણ અને સહિયારા પ્રયાસની જરૂર છે. અહીં આગળના આયોજન માટે કેટલાંક ચાવીરૂપ ક્ષેત્રો આપ્યાં છે, જે નીચે મુજબ છે :
- **ક્ષમતા આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) માટે રાષ્ટ્રીય માળખું :** ક્ષમતા આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) માટે એક સ્પષ્ટ રાષ્ટ્રીય માળખું તૈયાર કરી શકાય, જે અભ્યાસક્રમ, મૂલ્યાંકન અને શિક્ષક તાલીમી કાર્યક્રમો માટે માર્ગદર્શન પૂરું પાડી શકે છે. આ માળખું ભારતભરની શાળાઓની વિવિધ જરૂરિયાતોને પહોંચી વળવા માટે લવચીક અને પરિસ્થિતિ મુજબ પરિવર્તનશીલ હોવું જોઈએ.
- **શિક્ષક તાલીમમાં રોકાણ :** ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપનને (CBTL) અસરકારક રીતે અમલમાં મૂકવા માટે શિક્ષકોને કૌશલ્ય અને જ્ઞાનથી સજ્જ કરવા માટે ઉચ્ચ-ગુણવત્તાવાળા શિક્ષક તાલીમી કાર્યક્રમોમાં રોકાણ કરવું નિર્ણાયક સાબિત થઇ શકે. આ કાર્યક્રમોમાં રચનાત્મક મૂલ્યાંકન વિદ્યાર્થીઓની જરૂરિયાત આધારિત શિક્ષણ કાર્ય, ક્રિયાશીલ-શિક્ષણ અને શિક્ષણમાં ટૅક્નોલોજીનું સંકલન જેવાં કૌશલ્યોની તાલીમ અને તેના ઉપયોગ પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ.
- **ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે ભાગીદારી :** ઉદ્યોગપતિઓ તથા સેવાક્ષેત્ર સાથે જોડાયેલ ઉધોગ-સાહસિકો સાથેના જોડાણો અને તેમના સહયોગથી તેમને તેમના ઉદ્યોગો અને સેવાક્ષેત્રમાં કેવા પ્રકારના માનવબળની જરૂર છે અને આગામી સમયમાં તેમને કેવા પ્રકારનાં કૌશલ્યોની કેટલી જરૂર ઊભી થઇ શકે તેમ છે, તે જાણવામાં મદદ મળી શકે છે. યુનિવર્સિટીઓ અને સંશોધન સંસ્થાઓ સાથેની ભાગીદારીથી ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) માટે જરૂરી નવીનતાપૂર્ણ શૈક્ષણિક પદ્ધતિઓ સંદર્ભનું સંશોધન કરી શકાય.

**નિષ્કર્ષ** :

ક્ષમતા-આધારિત અધ્યયન અને અધ્યાપન (CBTL) ભારતીય શિક્ષણ પ્રણાલીમાં પરિવર્તન લાવવાની એક આકર્ષક તક ઊભી કરે છે, જે વિદ્યાર્થીઓને બદલાતા જતા વિશ્વમાં જરૂરી કૌશલ્યો અને જ્ઞાનથી સજ્જ કરે છે. આવનારી પેઢીને ભવિષ્યમાં ઊભા થનારા પડકારો સામે તૈયાર કરવા, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP: 2020) સૂચવેલ મહત્ત્વના પરિવર્તનો અને તેમાં છૂપાયેલ શૈક્ષણિક પરિવર્તનની શક્તિનો ઉપયોગ કરી તથા વિવિધ સંસ્થાઓના સહયોગને પ્રોત્સાહન આપીને, ભારત ભવિષ્ય નિર્માણલક્ષી શિક્ષણપદ્ધતિ તરફ નોંધપાત્ર રીતે આગળ વધી શકે, જે વિદ્યાર્થીઓને ચોક્કસ સફળતા તરફ દોરી જશે.

# पढ़ाई का विज्ञान-४

– પ્રાંજલભાઈ જોષી
C.A., પુના.
ડાયરેક્ટર, D.S.P.P.L.

वर्ष 2014 की घटना गौर करने लायक है। यह भारत में महाराष्ट्र राज्य के एक शहर नासिक के एक स्कूल में हुआ। अजीत सर को माता-पिता और शिक्षकों को व्याख्यान देने के लिए आमंत्रित किया गया था। व्याख्यान देने से पहले, हम प्रिंसिपल के कक्ष में बैठे थे और समारोह शुरू होने की प्रतीक्षा कर रहे थे। अप्रैल का आखिरी सप्ताह था। यही समय है जब वार्षिक परिणाम घोषित किये जाते हैं। अचानक, एक महिला एक छोटे बच्चे के साथ बहुत उत्तेजित अवस्था में भीतर आयी और प्रिंसिपल से बोली, "मैडम, मेरी बेटी को विज्ञान में इतने कम अंक कैसे मिले, जबकि उसने पाठ्यपुस्तक लगभग 20 बार पढ़ी थी?" उसका स्वर ऊँचा था, उसका चेहरा गुस्से से लाल था और वह स्पष्ट रूप से अपने बेटी को परीक्षामें मिले कम गुणों से बहुत परेशान थी। हमें आश्चर्य हुआ कि प्रिंसिपल मैडम एकदम संतुलित बनी रही और उन्होंने बहुत शांति से उत्तर दिया। “देखिए, इससे कोई फर्क नहीं पड़ता कि आपकी बेटी ने किताब कितनी बार पढ़ी है। यहां तक कि अगर उसने इसे २०० बार भी पढ़ा होता और बिल्कुल वही लिखा होता जो उसने अभी लिखा है, तो भी उसे बिल्कुल वही अंक मिलते, क्योंकि यहां हम जांच कर रहे हैं कि उसने उत्तर पुस्तिकाओं में क्या लिखा है।"

इस प्रसंग की महिला कोई अपवाद है, ऐसा नहीं लगता। क्यों की हम सभी यह गलती करते हैं जब हम सीखने की वास्तविक प्रक्रिया को ही न समझते हुए, नजरअंदाज करते हुए, परीक्षा के परिणाम का आकलन करते है । जब बच्चा किताब देख रहा होता है तो बाहरी दुनिया को तो यही लगता है कि बच्चा पढ़ रहा है। लेकिन क्या होगा अगर आँखें टेक्सटबुक में हों पर मन कही और, मानो फेसबुक में हो ! पढाई तो कदापि संभव नहीं है।

पढ़ना, देखना, सुनना, लिखना ये सभी अध्ययन के लिए आवश्यक बुनियादी चीजे है , अध्ययन की दिशा में मानो पहला कदम हैं। पर ये

समझना जरुरी है की देखने और पढ़ने के लिए आपको आंखों के साथ साथ मन की भी आवश्यकता होती है। यही बात सुनने के मामले में भी लागु है। जहां कानों को मन के साथ समन्वय स्थापित करना होता है। आँख, कान तो केवल कर्मेन्द्रियाँ हैं। उनके साथ जब मन जुड़ेगा तो ही वो ज्ञानेन्द्रिय बनेगी और पढाई हो सकेगी।

**सीखने की प्रक्रिया :**

| चरण क्रमांक | विवरण | विवरण |
|---|---|---|
| 01 | प्रभाव - पढ़ना या सुनना या अवलोकन करना | पढ़ना या सुनना या अवलोकन करना एक बाहरी प्रक्रिया है। शारीरिक गतिविधि है। |
| 02 | संग्रहित करना | संग्रहित करना एक आंतरिक प्रक्रिया है |
| 03 | समझना | समझना भी एक आंतरिक प्रक्रिया है |
| 04 | आत्मसातीकरण | आत्मसातीकरण यह भी एक आंतरिक प्रक्रिया है |
| 05 | पुनः प्राप्त करना (Retriev-ing) | इसे पुनः प्राप्त करना एक आंतरिक प्रक्रिया है |
| 06 | अभिव्यक्ति - लिखना या उत्तर देना | लिखना या उत्तर देना एक बाह्य प्रक्रिया है। शारीरिक गतिविधि है। |

पढ़ना या सुनना या अवलोकन करना एक बाहरी प्रक्रिया है। शारीरिक गतिविधि है। दूसरा चरण जो पढ़ा, सुना उसे इनपुटों को संग्रहीत करना है। लेकिन सिर्फ तथ्योंको संगृहीत से पढाई पूरी नहीं हो सकती। इसलिए आगे तीसरे चरण में जो भी संग्रहीत किया गया है उसे समझना ये महत्वपूर्ण हिस्सा आता है । संग्रहीत हर चीज़ समझ में नहीं आ सकती है। एक बार जब हम कुछ समझ जाते हैं, तो अगला कदम आगे बढ़ता है और वह है जो कुछ समझ में आता है उसे आत्मसात करना। यहीं पर हमें उस ज्ञान को एक

अनुभव या भावना बनाने के लिए उससे जुड़ने की जरूरत है। अध्ययन की प्रक्रिया में एक और महत्वपूर्ण कदम उचित समय पर ज्ञान प्राप्त करना है। यह बहुत गंभीर बात है। हो सकता है आपने सब कुछ समझ लिया हो लेकिन अगर परीक्षा के समय वो याद है न आए तो ? तो परीक्षा में अच्छे अंक पाने की आपकी सारी कोशिशें बेकार हो जाती हैं। इस पहलू को स्मृति कहा जाता है यह बहुत ही महत्वपूर्ण कदम है। केवल याद रखना या पुनर्प्राप्त करना भी तब तक पर्याप्त नहीं हो सकता जब तक आप ज्ञान व्यक्त नहीं कर सकते। अभिव्यक्ति मौखिक उत्तर देने (मौखिक परीक्षा) या परीक्षा पत्र लिखने के रूप में हो सकती है। फिर ये चक्र पूरा हो गया। आपने अच्छा प्रदर्शन किया है और आप सफलता की ओर अब बढ़ सकते हैं।

यदि आप इस प्रक्रिया को बारीकी से देखेंगे, तो आपको एहसास होगा कि पहले चरण में कान और आंखों जैसे भौतिक अंगों की आवश्यकता होती है। और पुनः अंतिम चरण में भी व्यक्त करने के लिए हमारे अस्तित्व के भौतिक पहलुओं, जैसे आंखें, कान और हाथों की आवश्यकता होती है। इसका मतलब यह है कि इस प्रक्रिया के केवल प्राथमिक (प्रथम) चरण और अंतिम (छठे) चरण में ही शारीरिक अंग प्रमुख भूमिका निभाते हैं। बीच के चार चरण जो सबसे महत्वपूर्ण हैं जैसे - संगृहीत करना, समझना, आत्मसात करना और पुनः प्राप्त करना - ये सारे तो मन (और चित्त के) स्तर पर होते हैं। वे हमारे अस्तित्व के मूल में होते हैं जिसे चित्त कहा जाता है। यदि चित्त शुद्ध नहीं होगा तो हमें परीक्षाओं में प्रदर्शन करने में गंभीर समस्या होगी। जब चित्त शुद्ध और पारदर्शी होता है तो आप जो भी पढ़ते हो, संगृहीत करते हो वो बिना किसी क्षति हुए बगैर "परीक्षा के दरम्यान सही जवाब" के रूप में बाहर आ जाता है। सबसे अच्छी बात यह है कि शुद्ध चित्त की ऊर्जा हमारी यादों में भी समाहित हो जाती है जिससे बेहतर बुद्धि बनती है। यह संवर्धन है। स्वामी विवेकानन्द की स्मृति लगभग फोटोग्राफिक थी। उनकी स्मृति को फोटोजेनिक बनाने वाला आध्यात्मिक अभ्यास है था। हर एक विद्यार्थी अगर ये आध्यात्मिक अभ्यास करे तो वो भी स्वामीजी जैसी फोटोग्राफिक स्मृति पा सकता है, और परीक्षा में अव्वल नंबर ला सकता है।

हम सीखने की इस प्रक्रिया को "विज्ञान" कहते हैं क्योंकि यह एक सार्वभौमिक घटना है। स्कूल, कॉलेज, विश्वविद्यालय या यहां तक कि कामकाजी पेशेवर के लिए भी सीखने के लिए यही ६ पायदानोंसे गुजरना पड़ता है। दूसरा विकल्प है है नहीं। नई पीढ़ी को उच्च स्तर की चेतना का आशीर्वाद प्राप्त है और वह जन्मसेही "प्रत्याहारी" अवस्था में है। अगर आध्यात्मिक अभ्यास उन्हें सिखाया जाये और चित्त शुद्धि का मार्ग दिखलाया जाए और उसका स्कूल, कॉलेज की पढाई में उसका महत्व ठीक तरह से समझाया जाये तो वह अपनी पढ़ाई में बेहतर प्रदर्शन सहजता से कर सकते है। जीवन में सब कुछ चित्त की ही अभिव्यक्ति है, अत: अध्ययन भी इसमें अपवाद नहीं है। अध्ययन का मार्ग अध्यात्म और चित्त से होकर गुजरता है, जो मनुष्य के लिए सीखने का मुख्य साधन है।

एक लड़के को खीर बहुत पसंद थी। एक दिन वो घर आया और अपनी मां से, जो एक विशेषज्ञ रसोइया है, बोलै "माँ, आज रात के खाने के लिए एकदम बढ़िया खीर बनाना"। माँ भी ख़ुशी से सहमत हो जाती है। वो सर्वोत्तम सामग्री का चयन करती है। दूध, चीनी, शेवई, सूखे मेवे और अपने कौशल का उपयोग करके स्वादिष्ट खीर तैयार करती है। लड़का जल्दी से खाने की मेज पर पहुँचता है, माँ उसे एक कटोरे में खीर देती है, और लड़का बड़े उत्साह से उसे चखता है, और नाराजगी में अपनी माँ से कहता है, "ओह माँ, खीर तो खराब हो गई है!"। माँ को इस बात पर यकीन नहीं हो रहा था। जब सबसे अच्छी सामग्री का उपयोग किया गया तो ऐसा कैसे हो सकता है ? पर अंत में माँ को एहसास हुआ कि जिस बर्तन में खीर बनाई गई थी वह तेलयुक्त और गंदा था जिससे खीर खराब हो गई। मनुष्य का चित्त बर्तन जैसा ही है। यदि यह अशुद्ध या विचलित है, तो सर्वोत्तम सामग्री या इनपुट भी अपेक्षित परिणाम नहीं देंगे। यह भीतर की पवित्रता ही है जो गुणवत्ता को बाहर लाती है। इसलिए अपनी शिक्षा सहित जीवन की हर चीज़ में उत्कृष्टता प्राप्त करने के लिए अपने चित्त पर ध्यान दे । उसे पवित्र और निर्मल बनाये।

# આચાર્ય સજ્જતા

મહેશભાઈ શર્મા
પૂર્વ જિલ્લા શિક્ષણાધિકારી
(મો.) 9909970267

સત્ર-1ની મૂલ્યાંકન માટેની તૈયારીઓ ચાલતી હશે. શ્રાદ્ધપર્વ પણ શ્રદ્ધાપૂર્વક ગુજરાત ઉજવી રહ્યું છે. શ્રાવણ-ભાદરવો ધુંઆધાર વરસી રહ્યો છે. હાલ થોડો વિરામ ચાલી રહ્યો છે. સાથોસાથ ભાદરવા માસના આંતરા-ચિતરા તડકાથી વિદ્યાર્થી ભાઈ-બહેનોના સ્વાસ્થ્યની કાળજી લેવી પડશે. સપ્ટેમ્બર-2024માં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ચૂંટણી પણ યોજાનાર છે. જોકે હાલ ચૂંટણીઓ પહેલાં જેવી ધાંધલ-ધમાલ, દોડાદોડી, રિસામણાં-મનામણા જેવું ખૂબ જ ઓછું જોવા મળી રહ્યું છે જેનું કારણ પ્રતિનિધિઓની સંવર્ગ વાર સંખ્યા જુજ બોર્ડમાં ફળવાયેલ છે. જોકે સત્ર-1ને 3 માસ ઉપરાંત સમય થયો છે. શૈક્ષણિક દિવસોનું કામકાજ 70થી 75 દિવસ જેટલું સત્ર એક દરમિયાન થથું હોય તેમ જણાય છે. વડોદરા, સુરત જેવા શહેરોમાં વરસાદે તારાજી સર્જી છે. અમદાવાદ, ગાંધીનગર, રાજકોટ, જામનગર, કચ્છ (ભુજ)માં પણ આ વર્ષે મેઘાએ માઝા મૂકી છે. ઘણા બધા શહેરીજનો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ પારાવાર વિટંબણાઓ જોવા મળેલ છે.

ખેતીપ્રધાન ભારત માટે વરસાદ ખૂબ જ જરૂરી છે. વાત તદ્દન સાચી છે પરંતુ વરસાદી વાતાવરણે ઘણા બધા રોડ-રસ્તા, ઉદ્યોગ-ધંધા અને ખેતીના પાકોને પણ નુકસાન પહોંચાડેલ છે. વર્ષાઋતુ જેવા વિષય પર નિબંધલેખન તથા વરસાદ વિશે કાવ્યલેખન. વરસાદનો મળ્યો છે પર પરસાદ... ટૂંકમાં વરસાદનો અનુભવ થતો હોવાથી લેખનકાર્યોમાં ઉપયોગી થશે તેમ મને જણાય છે. આ તો અમસ્તો ગુજરાતી વિષયની આછેરી ઝલક નમ્ર પ્રયાસ છે. વરસાદના સુખ કરતાં દુઃખના ગમખ્વાર બનાવોએ ગુજરાતીઓને ઘણા દુઃખી કર્યા છે.

“દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે. જો સુખી સમજે, તો દુઃખ આ વિશ્વમાં ના ટકે.” હાલ તો “દુઃખનું ઓસડ દહાડા” એ ન્યાય સહ આગળ વધી રહ્યા હોય તેમ જણાય છે. જનજીવન ધીમે ધીમે ધબકતું થઈ રહ્યું છે, તો રોડ-રસ્તા ઉબડ-ખાબડ થઈ ગયા છે. સાવચેતીપૂર્વક અવરજવર કરવા જેવી લાગે છે.

ધોરણ-9માં અમે ધોરણ-11ના મૂલ્યાંકન પદ્ધતિમાં ફેરફાર બોર્ડ તરફથી જણાવવામાં આવેલ છે, જેનો અભ્યાસ કરી એ તરફ આગળ ડગ માંડવા જરૂરી છે.

આગામી 2જી ઑક્ટોબરે ગાંધી જયંતી પર્વ આવી રહ્યું છે. ગાંધીજીના જીવનસંદેશ

સાથે તેમના અગિયાર વ્રત વિશેની જામકારી આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને આપો તે જરૂરી છે. વિવિધ ઉત્સવ રમતગમત સ્પર્ધાઓ, વિજ્ઞાન પ્રદર્શન, સ્કોલરશીપ માટેની પરીક્ષાઓના વિષય પર વિદ્યાર્થી ભાઈ-બહેનોને જાણકારી આપવી જોઈએ તથા તૈયારીઓનું આયોજન આચાર્યશ્રીઓ તરફથી શાળાના વડા તરીકે કરવાનું થતું રહેશે. જૂના 4000 જેટલા શિક્ષકોની ભરતી થવાની છે, જેમાં 2000 જેટલા માધ્યમિક અને 2000 ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ શાળામાં મહેકમ અનુસાર મળવાપાત્ર જૂના શિક્ષકોની ભરતી પ્રક્રિયાના પત્રો, પત્રકો તૈયાર કરવાની બાબત ધ્યાનમાં લેવી પડશે.

વળી, જૂના શિક્ષકની ભરતી બાબતમાં જૂના શિક્ષકોએ એક સામટા N.O.C. આવે તેમજ જૂના શિક્ષકો ચાલ્યા જવાથી શાળાનું શૈક્ષણિક તંત્ર ઠપ થઈ ના જાય તે પણ ખાસ જોવું પડશે. શિક્ષણ વિભાગ તથા સ્થાનિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીનો રોલ આવા કિસ્સામાં કસોટી સમાન મને લાગે છે. તેમ છતાં, ખૂબ જ સમજી-વિચારીને આ બાબતમાં નિર્ણય લેવા તે જ વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતમાં રહેશે. અન્યથા, પેલી ગુજરાતી કહેવત અનુસાર “સાપ કાઢતાં ઘો ઘૂસી ના જાય” તે જરૂરી રહે છે. કસોટીની વાત આવી છે તો વિદ્યાર્થી ભાઈ-બહેનો સુધી માધ્યમિક અને હાયર વિભાગના તમામ વિષયોના મૂલ્યાંકન માટેનું માળખું તથા પ્રશ્નપત્રનું પરિરૂપ સમગ્ર શિક્ષક ભાઈ-બહેનો થકી વિદ્યાર્થી ભાઈ-બહેનો સુધી પહોંચે તેનું ખાસ ધ્યાન આચાર્યશ્રીએ રાખવું પડશે. હાલ અપડેટ બતાવવા ધોરણ 9 અને ધોરણ 10ના શિક્ષક ભાઈ-બહેનો સુધી પહોંચાડવાનું કામ શિક્ષક જગતના તજજ્ઞો થકી ચાલી રહ્યું છે, જેનો લાભ દરેક શિક્ષક ભાઈ-બહેનો સમજણ સાથે પહોંચે એટલું જ જરૂરી છે કારણ કે આપણને કહેવત ખબર છે કે “કૂવામાં હશે તો જ હવાડામાં પણ પાણી આવશે.” શિક્ષક ભાઈઓ-બહેનોને શૈક્ષણિક બાબતોના ફેરફારોથી અવગત કરાવીને અપડેટ રાખવા જરૂરી છે જેથી શૈક્ષણિક કાર્ય વિદ્યાર્થી ભાઈ-બહેનો સુધી સરળ અને સહજ લાભપ્રદ બને.

ગણેશ વિસર્જન સતત વરસાદી વાતાવરણ અને નવલી નવરાત્રીનો ઘમઘમાટ તેમજ શ્રદ્ધાપૂર્વક ચાલી રહેલ શ્રાદ્ધપર્વના માહોલ તથા નાની-મોટી અનેક વિટંબણાઓને પાર પાડી કસોટીઓના કસોટી સમયનું આયોજન સહુ આચાર્ય ભાઈ-બહેનોએ વિચારીને પાર પાડવાનું છે. આયોજન જ અગત્યનું છે. આયોજન કર્યા બાદ અમલીકરણ આસાનીથી આપ કરી શકશો તેવો મને વિશ્વાસ અને શ્રદ્ધા છે. આચાર્યની ભૂમિકા ખૂબ જ મહત્ત્વની, અગત્યની અને પડકારજનક છે, જેમાં લેશમાત્ર શંકા નથી. સહુને શુભેચ્છા સહ પ્રભુ શક્તિ પ્રદાન કરે એ જ પ્રાર્થના...

# પ્રિય તાસ - પ્રોક્સિ તાસ

**– દિનેશ માંકડ (9427960979**

સૂર્યોદયના નવા કિરણો મંગળમય સંદેશ લાવતાં હોય, શાળાના પ્રાંગણમાં કે વર્ગમાં લયબદ્ધ અને શ્રદ્ધામય પ્રાર્થના થતી હોય. કેવી સુંદર પળો હોય છે!

પણ તે સમયે શાળાના આચાર્ય કે સુપરવાઇઝરનું મન પ્રોક્સિ બુકમાં હોય, કોણ રજાથી કે રજા વગર ગેરહાજર છે? એમાંય બે–ત્રણથી વધારે શિક્ષકો ગેરહાજર હોય એટલે ન પૂછો વાત!

'પ્રોક્સિ' તો ભરાઈ ગઈ પણ વારો સેવકનો, સ્ટાફરૂમમાં સહી માટે જાય. કેટલાયને તો તે યમદૂત જેવો લાગે! અલગ અલગ કૉમેન્ટ્સ અને પ્રત્યાઘાતોની વચ્ચે બિચારો સહીં કરાવી, પરત આવે.

'ઓહ, મારા આજે ચાર સળંગ થયા! જાણે સાહેબને હું જ દેખાઉં છું! 'આ બે ઘડી આરામથી બેસવા પણ નહીં દે!" વગેરે પ્રશસ્તિ વચનોથી સ્ટાફરૂમ મહેંકી ઊઠે!

મિત્રો, શિક્ષણનો વ્યવસાય - શ્રેષ્ઠ વ્યવસાય છે. એટલા માટે કે આપણું કાર્ય ઋષિકાર્ય છે. ઋષિઓ એટલે પૂજાય છે કે એમણે આપણને જંગલી અવસ્થામાંથી સુસંસ્કૃત બનાવ્યા. બરાબર એ જ રીતે આપણને 'માણસ' ઘડવાની તક મળી છે. જો આપણે આસ્તિક હોઈએ તો ચોક્કસ ખાતરી રાખવી જોઈએ કે આપણા પ્રામાણિક અને વફાદારીપૂર્વક કરેલા કાર્યની ભગવાન અવશ્ય રીતે અલગ નોંધ લે જ.

આચારસંહિતાના આટાપાટાની વાત છોડીને જ વિચારીએ કે આપણે શાળાના આવવા અને જવાના વચ્ચેના સમય માટે કાર્ય કરવા બંધાયેલા જ છીએ. પછી તે ગમે તે કાર્ય હોય.

આપણને આપણા વિષયનું કાર્ય મળે છે અને આપણે તે નિપૂણતાપૂર્વક પૂર્ણ કરીએ જ છીએ. એમાં બને તેટલી વધારે શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવાના પ્રયત્ન કરીએ જ છીએ. તો પછી પ્રોક્સિ તાસ–પ્રિય તાસ, એ કેમ ન બને?

હકીકતમાં તો પ્રૉક્સિ તાસ, એ સામાન્ય તાસ કરતા વધારે આનંદદાયક બની શકે, કેમ કે તે મુક્ત છે. નિર્બન્ધ છે.

મિત્રો, નવાઈ લાગશે છતા હકીકત છે કે કેટલાક સંનિષ્ઠ શિક્ષકો પ્રૉક્સિ તાસની રાહ જોતા હોય અને પ્રોક્સિ તાસ મળતાંની સાથે જ મન મૂકીને ખીલે.

જ્યારે કેટલાક મિત્રોને મન પ્રોકસી તારા એટલે ગમે તેમ સમય પસાર કરવાનો તાસ, છેવટે કાં તો અંતાક્ષરી ચાલે કે છેવટે કામ વગરનો વેડફાટ તાસ. આવા મિત્રોને કહેવાનું મન થાય કે આપનો પગાર, શાળાની ગ્રાન્ટ અને વિદ્યાર્થીની ફીનો ભાગ ધરાવતી આ 35 મિનિટનો તાસ વેડફી તમે કટેલું મોટું આર્થિક નુકસાન કરો છો તેની તમને ખબર છે ખરી? જો આ વાતને હળવાશથી લેતા હો તો એ ન ભૂલશો કે ચોર

બધા સરખા, પછી ભલેને ઘરફોડ કે, કરચોરી કરે કે કામ ચોરી કરે. આખરે ચોર એટલે ચોર!

મિત્રો, જ્ઞાનક્ષિતિજો ખૂબ ઝડપથી વિસ્તરે છે. આઈ.ટી. યુગ જેટની ઝડપે દોડે છે. એમાં આપણને પણ પાછળ રહેવું ન પાલવે અને વિદ્યાર્થીને પણ પાછળ ન રખાય. (એ તો પાછળ રહેવાનો જ નથી!) આપણી દૃષ્ટિને આઈ.ટી. વિઝન બનાવવી પડશે. નૂતન દૃષ્ટિકોણથી સમયને જોવો પડશે.

ઘણીયે શાળાઓ અગાઉથી પ્રોક્સી તાસમાં કરવાની પ્રવૃત્તિનું આયોજન કરે છે. થોડોક નવો દૃષ્ટિકોણ રાખીએ તો અનેકવિધ પ્રવૃત્તિઓ મળે. શાળામાં માઇક સિસ્ટમ હોય તો જે તે વર્ગના સ્પીકરમાં અલગ અલગ શૈક્ષણિક કૅસેટ કે ડીવીડી સંભળાવી શકાય. આવી કૅસેટ કે ડીવીડી બજારમાં પણ ઉપલબ્ધ હોય છે અને ધારે તો શાળાના ઉત્સાહી શિક્ષકોને તે તૈયાર પણ કરી શકે. ભાષાના કાવ્યો, સંવાદ, પ્રશ્નોત્તર, માહિતીપ્રદ વાર્તાલાપ જેવી કૅસેટ કે ડીવીડી અવશ્ય અને સરળતાથી તૈયાર કરી શકાય, વર્ગમાં ટેપરેકૉર્ડ લઈ જઈને પણ તે સંભળાવી શકાય.

શાળામાં કમ્પ્યૂટર હોય તો તે શીખવાની બાળકની મજા ઓર છે. એટલે તેની જેટલી વાર માઉસ હાથમાં આપશો, તેટલી વાર તે આનંદ પામશે, પણ એ તો વ્યક્તિગત વાત થઈ, પરંતુ સમગ્ર વર્ગની વાત કરીએ તો અનેક CD અને DVD બજારમાં ઉપલબ્ધ છે. શાળાના શૈક્ષણિક વિષયો તો ખરા, સાથે સાથે વાર્તાઓ, ભૌગોલિક, વૈજ્ઞાનિક અનેક વિષયોની DVD બજારમાં ઉપલબ્ધ છે. મિત્રો, તમે માનો કે ન માનો, જે શીખવતાં આપણને વર્ષો લાગે છે, તે દરેક બાળક DVD અને CD દ્વારા ખૂબ જ ઓછા સમયમાં સમજી જાય છે. આપણે જાણીએ છીએ કે નિયમિત તાસમાં અભ્યાસક્રમનું ભારણ કેટલું હોય છે. આવો એકાદ પ્રોક્સિ તાસ સાચા શિક્ષક માટે અનેકગણો આશીર્વાદરૂપ થાય છે.

કેટલીયે શાળામાં મધ્યમ અને નબળાં બાળકો હોય છે. Each One, teach One ટેવ પાડીને વર્ગના તેજસ્વી અને નબળાં બાળકોની કાયમી ટીમ બનાવી દઈએ તો સમગ્ર વર્ગ સારા સ્તરનો બને. અનુભવ કરવા જેવો છે.

છે જેને દૃષ્ટિ, સઘળી તેની સૃષ્ટિ'. મિત્રો એક વખત પ્રોક્સિ તાસ-પ્રિય તાસ બને પછી તેનો ઉપયોગ કેમ કરવો તે વાત સહજ બનશે. નવું નવું જરૂર સૂઝશે.

એક તત્ત્વચિંતકના મતે કામ કરવાના થાક કરતાં કામ નહીં કરવાનો થાક વધારે લાગે છે. આપણા પ્રોક્સિ તાસનું પણ તેવું જ છે અને એટલે જ થોડાંક આયોજનથી પ્રોક્સિ તાસ પ્રિય તાસ બની જ જાય.

મિત્રો, સમય દોડે છે, ગતિશીલ તમામ તેમની સાથે દોડે જ છે. રખે આપણે પાછળ રહી જઈએ. પાવેલના શબ્દો યાદ કરીએ— 'જગતમાં એક માત્ર આનંદ છે આરંભ કરવાનો.'

આવો, નવા સત્રે આચાર્યશ્રીને જણાવીએ કે 'સાહેબ, પ્રોક્સિબુકનું નામ બદલીને 'પ્રિય તાસ બુક' રાખો.' જુઓ—સમગ્ર શાળાના વાતાવરણમાં એક નવું ઉલ્લાસમય પ્રકરણ ઉમેરાશે અને તેના નિમિત્ત તમે હશો!

# શૈક્ષણિક સંકુલમાં આચાર્યની ભૂમિકા સંકુલને કઈ રીતે ઊંચાઈ પર લઈ જઈ શકે...

**- જી. એસ. દેધરોટિયા,** પાટણ

કોઈપણ શૈક્ષણિક સંકુલના વિકાસનો આધાર તેમાં કામ કરતા આચાર્યો તેમજ વિભાગીય વડાની કામગીરી પર રહેલો છે. વિવિધ વિભાગના આચાર્યો અને વિભાગીય વડાઓ સાથે મળીને સંસ્થાનું વિઝન ધ્યાનમાં રાખીને તેમના સમર્પણ ભાવના સાથે તે વિઝન પૂર્ણ કરવા માટે કામગીરી કરવાની હોય છે. આચાર્ય એ પાર્ટ ટાઈમ કામ કરનાર વ્યક્તિ નથી, "Bell to Bell" કામ કરનાર વ્યક્તિ જો આચાર્ય તરીકે જવાબદારી સંભાળે તે શૈક્ષણિક સંસ્થાઓનો વિકાસ ક્યારેય ના કરી શકે. મેનેજમેંટ ગમે તેટલી ભૌતિક સુવિધાઓ ઉભી કરી આપે, અત્યાધુનિક બિલ્ડિંગ કે અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચર ઊભું કરી આપે પરંતુ જો આચાર્ય તેને આચાર્ય સમય ના આપે અને તેની જવાબદારી યોગ્ય રીતે નિભાવે નહીં તો આ તમામ સુવિધાઓ નકામી બની જાય છે. એક દૃષ્ટિવાન વ્યક્તિ જો આચાર્ય તરીકે કામ કરે તો ઓછી સુવિધાઓ હોવા છતાં ઘણું બધું કામ કરી શકે છે. મેનેજમેંટ નું કામ ભૌતિક સુવિધાઓ પૂરી પાડવાનું પરંતુ સુચારુ સંચાલન અને વહીવટ તો આચાર્યએ કરવાનો હોય છે. આચાર્ય માત્ર શૈક્ષણિક જવાબદારી સંભાળવાની હોતી નથી તેના સિવાયની સંકુલની અનેક જવાબદારીઓ વહન કરવાની હોય છે. ઈન્ફ્રાસ્ટ્રકચરની જાળવણીની સંપૂર્ણ જવાબદારી આચાર્યની હોય છે. ભલે ઊભું ના કરે પરંતુ તેમને સોપવામાં આવેલ બિલ્ડિંગ સાચવવાની જવાબદારી આચાર્યની હોય છે. તેની સ્વચ્છતા, તેનું મેન્ટેનન્સ, ગોઠવણી આ તમામ બાબતો તેમની અનુકૂળતા મુજબ યોગ્ય રીતે જાળવણી કરવાના હોય છે. શૈક્ષણિક સંકુલમાં સંસ્થાઓના વડાને શૈક્ષણિક, ઈન્ફ્રાસ્ટ્રકચર અને સંકુલના સર્વાંગી વિકાસ માટે કેટલીક મહત્વપૂર્ણ જવાબદારીઓ વહન કરવી પડે છે. આ જવાબદારીઓનો વિસ્તાર ઘણો વિશાળ છે અને તે સંકુલના સર્વાંગી વિકાસ માટે આવશ્યક છે.

1. **શૈક્ષણિક નેતૃત્વ :**
   - **શૈક્ષણિક ધ્યેયોનો નિર્ધારણ :** સંકુલમાં શૈક્ષણિક ધ્યેયો અને માનદંડો નક્કી કરવું.
   - **કુશળ શિક્ષણ પદ્ધતિઓ :** શિક્ષણની ગુણવત્તા વધારવા માટે નવનવીન અને અસરકારક શિક્ષણ પદ્ધતિઓનો અમલ કરવો.

- **શિક્ષકોની તાલીમ :** શિક્ષકોને નિરંતર તાલીમ અને વિકાસના અભ્યાસક્રમો આપવાથી તેમની કૌશલ્ય અને જ્ઞાનમાં વધારો કરવો.
- **શૈક્ષણિક સિદ્ધિઓનું મોનિટરિંગ :** વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિઓનું મોનિટરિંગ અને મૂલ્યાંકન.

વિવિધ શૈક્ષણિક સાધનો મોડેલ અને તેનો ઉપયોગ કરવો.

નવી નવી શૈક્ષણિક પધ્ધતિઓ માટે શિક્ષકોને તાલીમ આપીને તૈયાર કરવા.

નવા નવા શૈક્ષણિક પ્રયોગો હાથ ધરવા.

સંકુલમાં શૈક્ષણિક સુવિધાઓ ઉભી કરવી.

વિવિધ સેમિનાર યોજવા.

શૈક્ષણિક કેલેન્ડર તૈયાર કરવું.

ટૂંકા અને લાંબા ગાળાના શૈક્ષણિક ધ્યેય તૈયાર કરવા.

2. **ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ :**

- **મૂલ્યવાન સુવિધાઓ :** સંસ્થામાં મૂલ્યવાન સુવિધાઓ, જેવી કે લાઇબ્રેરી, લેબોરેટરીઝ, રમતગમતની સવલતો, અને તાંત્રિક સાધનો સુનિશ્ચિત કરવાં.
- **સુરક્ષા અને સફાઈ :** સંકુલમાં નમણી સુરક્ષા અને સ્વચ્છતા જાળવી રાખવી.
- **વાતાવરણનું સુધારણ :** શાળાનું વાતાવરણ આરોગ્યપ્રદ અને શીખવામાં સહાયક હોવું જોઈએ.
- **સુધારણા અને નિર્માણ :** ઇન્ફ્રાસ્ટ્રક્ચરનું નિયમિત જાળવણી અને જરૂરિયાત પ્રમાણે નવીનતમ સુવિધાઓના નિર્માણ પર ધ્યાન આપવું.

3. **ફાઈનાન્સ અને સંસાધનોનું સંચાલન :**

- **વહીવટી બજેટ :** સંસ્થાની આવક અને ખર્ચનું આયોજન અને સંચાલન કરવું.
- **અનુદાન અને ગ્રાન્ટ્સ :** શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે ફંડ્સ અને ગ્રાન્ટ્સ મેળવીને તેનો યોગ્ય ઉપયોગ કરવો.
- **માનવ સંસાધન :** શિક્ષકો, સ્ટાફ અને અન્ય કર્મચારીઓની પસંદગી, પ્રશિક્ષણ અને પ્રોત્સાહન માટે જવાબદાર.

4. **સંસ્થાના રૂપક અને નીતિ નિર્ધારણ :**

- **સંસ્થાની નીતિઓ :** સંસ્થાની નીતિઓ અને નિયમોના અમલની દેખરેખ.
- **વિદ્યોર્થીઓ અને પેરન્ટ્સ સાથેના સંબંધો :** વિદ્યાર્થી અને તેમના માતા-પિતા સાથે મજબૂત સંબંધો બાંધવા.
- **સ્થાનિક અને રાષ્ટ્રીય નિયમોના પાલન :** શૈક્ષણિક અને વહીવટી પ્રવૃત્તિઓમાં સરકારની અને શૈક્ષણિક બોર્ડના નિયમોનું પાલન.

5. **સંકુલના સર્વાંગી વિકાસ માટે નવા ઉપક્રમો :**

- **નવા અભ્યાસક્રમોનો અમલ :** સમયના બદલાવ સાથે નવા અભ્યાસક્રમો અથવા શૈક્ષણિક પ્રવૃત્તિઓનો અમલ કરવો.
- **ઉદયમાન તકનીકોનો ઉપયોગ :** ટેક્નોલોજી અને નવું શૈક્ષણિક સોફ્ટવેરનો ઉપયોગ કરીને શૈક્ષણિક ગુણવત્તા સુધારવી.
- **પ્રચાર અને માગણી :** સંસ્થાની જનસંપર્કની કામગીરી અને નવા વિદ્યાર્થીઓ માટે માગણી વધારવી.

આ જવાબદારીઓ સંકુલના મુખ્યના નેતૃત્વ અને વ્યવસ્થાપન કૌશલ્ય પર આધારિત છે. તેઓનું યોગ્યપણે નિભાવવું સંસ્થાની સફળતા અને વિકાસ માટે અત્યંત આવશ્યક છે. એક સારો આચાર્ય સંકુલને એક ઊંચાઈ પર લઈ જઈ શકે છે. તેનું સમર્પણ, નિષ્ઠા અને કાર્યશૈલી એક ઓળખ ઊભી કરી શકે, કારણકે કોઈ પણ શૈક્ષણિક સંકુલ તેના આચાર્યને કારણે ઓળખાય છે. આવનાર પેઢી માટે તેં પ્રેરણાદાયી હોય છે. જે આચાર્ય સતત શાળાની ચિંતા અને ચિંતન કરતો હોય, તેના માટે કોઈ રજા કે વેકેશન ના હોય, "School Or college is his second Home " માનનાર વ્યક્તિ શૈક્ષણિક સંસ્થાનો વિકાસ કરી શકે. તેની પાસે અનેક જવાબદારીઓ હોવાને કારણે તેને Bell to Bell કામ કરે તો નિર્ધારિત ધ્યેય સુધી પહોંચી ના શકે. સતત ચિંતનશીલ વ્યક્તિ જ શૈક્ષણિક સંકુલની દિશા અને દશા બદલી શકે.

(નિવૃત આચાર્ય, ઈલોલ ગ્રુપ સહકારી મંડળી હાઈસ્કૂલ, ઈલોલ, તા. હિંમતનગર, જી. સાબરકાંઠા
કેમ્પસ ડિરેક્ટર, મકતબા જાફરીયા, સેદ્રાણા, સિદ્ધપુર, પાટણ)

## 'શ્રેષ્ઠ શિક્ષક' માટેના રાજ્ય પારિતોષિક વર્ષ-૨૦૨૪ મેળવનાર માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષક



### શ્રીમતી લીલાબેન લવજીભાઈ ચૌધરી

આચાર્યા, નિર્માણ ગર્લ્સ હાઈસ્કૂલ,
રામ કોલોની, નવાવાડજ, જિ. અમદાવાદ

શ્રીમતી લીલાબેન લવજીભાઈ ચૌધરીનો જન્મ અને ઉછેર મહેસાણામાં થયેલો છે. તેઓનો શાળાકીય શિક્ષણ અને કોલેજ સુધીનો અભ્યાસ મહેસાણામાં થયેલ.B.Ed. અને M.Ed. નું શિક્ષણ અમદાવાદમાં પૂર્ણ કર્યું. તેમના માતા-પિતાના સંસ્કારોનું સિંચન તેમનામાં જોવા મળે છે. તેમણે નાનપણથી જ દર વર્ષે પ્રથમ નંબરે આવી પરિવાર અને સમાજનું ગૌરવ વધારેલ છે. શરૂઆતથી જ સતત સંઘર્ષ અને કામ પ્રત્યેની લગની હોવાથી આજે તેઓ આચાર્યા તરીકે સુંદર કામગીરી બજાવી રહ્યા છે.

તેઓએ તા.૦૭/૦૪/૧૯૯૪થી આદર્શ વિદ્યાલય, સુરતમાં મદદનીશ શિક્ષક તરીકે ફરજ બજાવી. તા.૨૫/૦૧/૨૦૦૨ થી તા.૦૯/૦૧/૨૦૦૬ સુધી આદર્શ વિદ્યાલય, વિસનગર ખાતે અને તા.૧૦/૦૧/૨૦૦૬થી નિર્માણ ગર્લ્સ હાઇસ્કૂલ, અમદાવાદમાં આચાર્યા તરીકે સંનિષ્ઠ ફરજ બજાવી રહ્યા છે.

તેઓ દ્વારા શાળાની નજીકમાં આવેલા શ્રમજીવી વિસ્તારના બાળકો શાળામાં અભ્યાસ કરે છે એવા બાળકોના અભ્યાસમાં વ્યક્તિગત રસ લઈ તેમને ઉચ્ચ પ્રકારના સંસ્કારોનું સિંચન થાય તેવા સંનિષ્ઠ પ્રયત્નો કરેલા છે. તેઓ દીકરીઓના ઘરે વ્યક્તિગત મુલાકાત લઈ કન્યા કેળવણી માટે સતત પ્રયત્ન કરતાં રહ્યાં છે.'બેટી બચાવો-બેટી પઢાવો'ના સૂત્રને સાર્થક કરવા દરેક દીકરીને સારું અને ગુણવત્તાલક્ષી શિક્ષણ મળી રહે તેવા પ્રયત્નો કરેલ છે. પોતાની આગવી વિશેષતાઓથી શાળામાં બાળકો અને શિક્ષકોનાં માર્ગદર્શક બન્યાં છે. શિક્ષક તરીકે પણ પોતાની શૈક્ષણિક કારકિર્દી દરમિયાન શૈક્ષણિક કામગીરીમાં સમર્પણ, તાર્કિક અને પ્રવૃત્તિસભર શિક્ષણના હિમાયતી રહ્યાં છે. બાળકોની હાજરીનું પ્રમાણ વધારવા બાળકોને જુદીજુદી રીતે પ્રોત્સાહિત કરેલ છે. આ ઉપરાંત રાષ્ટ્રીય પર્વોની ઉજવણી, સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરેલ છે. તેમનો બાળકો અને વાલીઓ પ્રત્યે હકારાત્મક અભિગમ, આજીવન વિદ્યાર્થી રહેવાની ભાવના, સતત વિચારશીલ, કર્મનિષ્ઠ, પ્રામાણિક હોવાને કારણે તેમના પ્રયત્નોથી શાળાની શૈક્ષણિક, સાંસ્કૃતિક અને ઇતર પ્રવૃત્તિઓને વેગ મળ્યો છે. તેઓની

આગવી કાર્યપ્રણાલીથી શાળાની પ્રગતિમાં અને બાળકોના વિકાસમાં સતત પરિવર્તન જોવા મળ્યું. તેઓના ઉત્સાહ, ઉમંગ અને શિસ્ત તેમજ કઠિન પરિશ્રમ, સમર્પણની ભાવના દ્વારા શાળાનાં પરિણામોમાં વધારો નોંધાવા લાગ્યો છે.

રાષ્ટ્રીય પર્વની ઉજવણી, અભ્યાસિક પ્રવૃત્તિઓ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું આયોજન કરેલ છે. ઇકોક્લબ આધારિત પ્રવૃત્તિઓ, વૃક્ષારોપણ કરી "વૃક્ષ આપણાં મિત્ર"ના સૂત્રને સાર્થક કરેલ છે. ક્વિઝ અને એવી અનેક વિવિધ પ્રવૃત્તિઓથી શાળાની વિદ્યાર્થિનીઓમાં નવી ચેતનાનો સંચાર થયો છે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષાનું પરિણામ સારું લાવવા સઘન પ્રયાસો કર્યા છે. શાળામાં ટેકનોલોજી દ્વારા શિક્ષણકાર્ય તેમજ પ્રોજેકટ દ્વારા વિવિધ પ્રોગ્રામનું નિદર્શન ઉપરાંત GShala Softwareનો ઉપયોગ કરી બાળકોના શૈક્ષણિક કાર્યને આનંદમયી અને રમતાં-રમતાં શીખે તે હેતુ સાર્થક થાય છે. તેઓ દ્વારા તેમની શાળાને ડિજિટલ સ્કૂલ બનાવવા માટે શાળામાં મોબાઈલ એપ્લિકેશન શરૂ કરવામાં આવેલ છે. જેનાથી વિદ્યાર્થીની હાજરીથી લઈ પરિણામ સુધી અને શાળા દ્વારા યોજવામાં આવતી વિવિધ પ્રવૃત્તિઓના પરિણામથી લઈ ફોટોગ્રાફ સુધીની બધી જ બાબતો વાલીને મોબાઇલમાં એક જ ક્લિકથી મળી શકે તે માટે તેઓ દ્વારા શાળાને ડિજિટલાઇઝ કરી ઓનલાઇન મૂકવામાં આવેલ છે.









ગુજરાત સરકાર દ્વારા મંજૂર ગણિત પ્રથમા -૧(ધોરણ -૯) વિષયના અભ્યાસક્રમમાં સમીક્ષક તરીકે સંનિષ્ઠ ભૂમિકા અદા કરેલ છે. લોકજાગૃતિ માટે રાજ્ય સરકારશ્રી દ્વારા આયોજિત વિવિધ કાર્યક્રમોનાં અમલીકરણ માટે સુચારુ આયોજન અને આવી અનેકવિધ પ્રવૃત્તિઓમાં સહભાગી એ શ્રી લીલાબેનની ઓળખ બની છે.

## ‘શ્રેષ્ઠ શિક્ષક’ માટેના રાજય પારિતોષિક વર્ષ-૨૦૨૪ મેળવનાર માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શિક્ષક



### શ્રી રણજીતસિંહ ખોડુભા ગોહિલ

આચાર્ય, શ્રી કે.એમ.એસ. હાઈસ્કૂલ માલવણ,
મુ. મોટી માલવણ, તા. ધ્રાંગધ્રા, જિ. સુરેન્દ્રનગર.

કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના પ્રવેશ દ્વારા સમાન સામખીયા ગામે શ્રી પી.બી.સી હાઇસ્કૂલમાં તેઓ તા.૨૬/૬/૧૯૯૨ના રોજ શિક્ષક તરીકે જોડાયા. તેઓ એક નિષ્ઠાવાન, કર્મનિષ્ઠ શિક્ષક છે. તા.૬/૭/૨૦૦૫ સુધી કુલ ૧૩ વર્ષ સુધી શિક્ષણનું સેવાકાર્ય કરેલ છે. પોતાના વિષયનું ૧૩વર્ષ સુધી ૧૦૦ ટકા પરિણામ આપેલ છે. વિદ્યાર્થીઓને NCC સ્કાઉટ અને રમતગમતમાં જિલ્લા અને રાજ્યકક્ષા સુધી ભાગ લેવડાવેલ અને શાળાનું નામ કચ્છમાં ગુંજતું કરેલ છે. આ શાળા જૈન ટ્રસ્ટ મુંબઈ સંચાલિત હતી. જેમાં શાળા સમય બાદ સેવા પ્રવૃત્તિ કરતા હતા.

૨૬ જાન્યુઆરી ૨૦૦૧ના ભૂકંપમાં પણ શાળા અને ગામનાં ધરાશાયી થયેલ મકાનોના કાટમાળ ખસેડવા તેમજ આ મકાનોના પુનઃનિર્માણમાં ૫ માસ સુધી સેવાકાર્ય કરેલ છે. વિદ્યાર્થીઓના અભ્યાસ અને શાળા શરૂ થાય તે માટે N.G.O.ની મદદથી શાળામાં કામચલાઉ શેડ બનાવેલ અને એસ.એસ.સી બોર્ડની પરીક્ષા લીધેલ અને બાદમાં શાળાના મકાનનું બાંધકામ કાયમી ભૂકંપ પ્રૂફ બનાવેલ છે.

તેઓ તા: ૬/૭/૨૦૦૫ થી આચાર્ય તરીકે શ્રી કે.એમ.એસ.હાઈસ્કૂલમાં જોડાયેલ. અહીં પણ શાળા ભૂકંપમાં પડી ગયેલ. શાળામાં કોઈ પણ પ્રકારની ભૌતિક સુવિધાઓ ન હતી, ફર્નિચર પણ નહિવત્ હતું, શાળામાં કામચલાઉ આવાસમાં બાળકોને બેસાડવામાં આવતા હતા. લાઇટ, પંખા, બેન્ચિસની કોઈ ભૌતિક સુવિધા નહીં. શાળામાં માત્ર ધોરણ-૮ થી ૧૦ના ત્રણ વર્ગ પણ સંખ્યા ૮૦ની આસપાસ હતી. રણકાંઠાના છેવાડાનું ગામ મોટી-માલવણ અને શાળાનું રિઝલ્ટ પણ માત્ર ૧૪ % હતું. આ પરિસ્થિતિમાં ત્રણ વર્ષ સુધી સઘન અભ્યાસિક પ્રવૃત્તિ અને વિદ્યાર્થીઓની મહેનતથી શાળાનું પરિણામ ૯૦ ટકાએ પહોંચાડેલું છે. શ્રી માલવણ કેળવણી મંડળ અને લોકભાગીદારીથી શાળાનું નવનિર્માણ અને નવું કેમ્પસ વિકસાવેલ અને દરેક ધોરણના ૨ વર્ગો તેમજ ૨૦૧૩માં ઉચ્ચતર માધ્યમિક શરૂ કરી. ધોરણ ૧૧ અને ૧૨ના બે વર્ગો કર્યા. તેમજ જૂના બિલ્ડિંગમાં રિનોવેશન કરી ગરીબ બાળકો માટે બક્ષીપંચ કુમાર છાત્રાલય શરૂ કરાવેલ.

ધોરણ ૧૦ અને ૧૨નું પરિણામ છેલ્લાં ૧૫ વર્ષમાં ૯૦ ટકાથી વધારે અને ૬ વર્ષ ૧૦૦ ટકા પરિણામ મેળવેલ છે. આજે શાળાના વિદ્યાર્થીઓની સંખ્યામાં તાલુકાની મોટામાં મોટી ગ્રાન્ટેડ શાળા છે. શાળામાં કમ્પ્યૂટર લેબ, સ્માર્ટ ક્લાસ, R.O પ્લાન તથા વોટરકુલર તથા દરેક રૂમમાં એ.સી કાર્યરત છે. સી.સી. ટી.વી બાયોમેટ્રિક હાજરી છેલ્લાં ૧૦ વર્ષથી કાર્યરત છે. વિશાળ કેમ્પસમાં રમત-ગમતનાં સાધનો N.C.C પ્રવાસપર્યટન, સેમિનાર તથા વિવિધ ક્ષેત્રે બાળકોના સર્વાંગી વિકાસ થાય તે માટેના પ્રયત્નો કર્યા છે.

જિલ્લા કક્ષાએ દર વર્ષે વિજ્ઞાનમેળા, તાલુકાનાં ગણિત-વિજ્ઞાન- પર્યાવરણ પ્રદર્શન તથા કલાઉત્સવ, ખેલમહાકુંભમાં દર વર્ષે સુંદર આયોજન થકી જવાબદારી નિભાવેલ છે. શિક્ષક તરીકે જુદી જુદી શાળાનાં પરિણામ સુધારણા, કન્યા કેળવણી અને ડ્રોપ-આઉટર રેશિયો ઘટાડવા વિવિધ સેમિનારોનું પણ આયોજન શરૂ કરેલ છે. તેઓની વિવિધ કામગીરીને જોતાં ગુજરત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર મારફત ૨૦૦૭-૨૦૦૮માં ઉત્કૃષ્ટ શાળા તરીકે પસંદ થયેલ. તેમના અથાગ પ્રયત્નોથી તેમજ લોકભાગીદારીથી શાળાને બિલ્ડિંગનો ઉપરનો માળ તેમજ શાળાની ફરતે કમ્પાઉન્ડ વોલ તેમજ રમતગમતના મેદાનનું લેવલિંગ વગેરે કાર્યો માટે રૂ. ૫૦ લાખ જેવી માતબર રકમનું દાન મેળવેલ છે.






મૂળ ગામ માલવણ તા. શિહોર જિલ્લો ભાવનગરનાં શ્રી રણજીતસિંહ ખોડુભા ગોહિલ અને હાલ શ્રી માલવણ કેળવણી મંડળ સંચાલિત શ્રી કે.એમ.એસ. હાઇસ્કુલ માલવણ તા.ધ્રાંગધ્રાનાં પ્રિન્સીપાલ અને સુરેન્દ્રનગર જિલ્લા આચાર્ય સંઘનાં પૂર્વ પ્રમુખશ્રી અને હાલનાં અધ્યક્ષશ્રીને ગુજરાત સરકાર દ્વારા રાજ્યના શ્રેષ્ઠ આચાર્યશ્રીનો પારિતોષિક-૨૦૨૪ તા.૦૫/૦૯/૨૦૨૪-ગુરૂવારે શિક્ષક દિન નિમિતે ટાગોર હોલ અમદાવાદ પાલડી ખાતે ગુજરાત રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલ સાહેબના વરદ હસ્તે પારિતોષિક અને રકમ રૂપિયા ૫૧,૧૧૧/- રકમ એનાયત થયેલ છે.

શ્રી રણજીતસિંહ ખોડુભા ગોહિલ દ્વારા શ્રેષ્ઠ આચાર્યશ્રીના આ પારિતોષિકની રકમ રૂપિયા ૫૧,૧૧૧/- શ્રી મનહરકુંવરબા રાજપૂત વિદ્યા સંકુલ વરતેજ કેમ્પસના નિર્માણ માટે દાન આપવાની જાહેરાત કરી છે.



# માંડવીની શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયના આચાર્યા શ્રીમતી હંસાબેન પંડયાને શિક્ષક દિને અમદાવાદમાં રાજયપાલશ્રીના હસ્તે શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત થયો

બંદરીય માંડવી શહેરની જાણીતી શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયના આચાર્ય પંડયા હંસાબેન મણીશંકર પંડયાને, શિક્ષક દિને તા. ૫-૯ ના અમદાવાદમાં ટાગોર હોલ ખાતે યોજાયેલા ભવ્યાતિભવ્ય સમારોહમાં ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે, રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ એનાયત થયો હતો.

એમ.એ.એમ.એડ. સુધીનો અભ્યાસ કરનાર હંસાબેન પંડયા ૨૦૦૨ થી છેલ્લા ૨૩ વર્ષથી માંડવીની શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે તેમજ છેલ્લા ૧૭ વર્ષથી પ્રિન્સિપાલ (આચાર્ય) તરીકે ફરજ બજાવી રહ્યા છે. શિક્ષણ સાથે સહઅભ્યાસની વિવિધ પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીઓ તથા શિક્ષકોને ભાગ લેવા માટે પ્રેરણારૂપ કાર્ય કરે છે. ખાસ કરીને તેઓ એક પણ વિદ્યાર્થીની શિક્ષણથી વંચિત ન રહે તે માટે પૂરતા પ્રયાસો કરી રહ્યા છે.

૨૧મી ઓગષ્ટ-૨૦૦૮ થી માંડવીની શેઠ ખીમજી રામદાસ કન્યા વિદ્યાલયને સંપૂર્ણ સમર્પિત થઈને સમાજના વિવિધ વર્ગોમાંથી અભ્યાસ કરવા આવેલ કન્યાઓને સંસ્કારો અને શિક્ષણ












આપી સમગ્ર કચ્છ જિલ્લામાં લોક ચાહના મેળવી, તેમજ ટ્રસ્ટીઓની પણ ચાહના મેળવી, ઉત્તમ શિક્ષણથી વિદ્યાલયમાં કન્યોઓની સંખ્યા અને વર્ગો વધાર્યા છે. વિજ્ઞાન પ્રવાહના શ્રેષ્ઠ શિક્ષણથી બહોળી સંખ્યામાં કન્યાઓ ડોકટર બનવા ભાગ્યશાળી બનેલ છે. ગણી કન્યાઓ નાશા ઈસરો જેવી વૈજ્ઞાનિક સંસ્થાઓમાં નામ રોશન કરી રહી છે. વિજ્ઞાનમેળામાં પણ પ્રથમ કક્ષાએ સ્થાન અપાવ્યું છે. બાહ્ય પરીક્ષાઓ અને શાળાનું એસએસસી અને એચએસસી માં વિજ્ઞાન પ્રવાહમાં પણ પરિણામ રાજય કક્ષા સુધી પરિણામ શ્રેષ્ઠ રહ્યું છે. આ ઉપરાંત માધ્યમિક શિક્ષણ બોર્ડ-ગાંધીનગર દ્વારા શ્રેષ્ઠ શાળાનું પ્રમાણપત્ર અને રૂપિયા એક લાખનું કચ્છ જિલ્લાનું પ્રથમ ઈનામ પ્રાપ્ત થયું છે.

હંસાબેન પંડયાને ટ્રસ્ટના માનદમંત્રી ભરતભાઈ વેદ તથા ટ્રસ્ટીઓએ હંસાબેન ની શ્રેષ્ઠ શિક્ષકના એવોર્ડ માટે પસંદગી થતાં ગૌરવની લાગણી અનુભવી તેમને અભિનંદન પાઠવ્યા હતા. હંસાબેનને ઠેર ઠેર થી અભિનંદન મળી રહ્યા છે.

શ્રીમતી હંસાબેન પંડ્યાને શ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ રાજયપાલ આચાર્ય દેવવ્રતના હસ્તે, પ્રસસ્તીપત્ર રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે, એકાવન હજાર નો ચેક રાજયના શિક્ષણમંત્રી ડો. કુબેરભાઈ ડિંડોર ના હસ્તે એનાયત થયા હતા જયારે રાજયકક્ષાના શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનસુરીયા એ શાલ ઓઢાડીને હંસાબેન પંડયાનું સન્માન કરેલ હોવાનું દિનેશભાઈ મણીલાલ શાહે જણાવ્યું હતું.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય ચૂંટણી-૨૦૨૪**

## હરીફ ઉમેદવારોના નામની યાદીની જાહેર નોટીસ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ અધિનિયમ-૧૯૭૨ ની કલમ-૩(૨) વર્ગ-ખ 'ચૂંટાયેલા સભ્યો' ની જોગવાઈ મુજબ ખંડ-(૧) થી ખંડ-(૯) માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે તા.૧૩/૦૮/૨૦૨૪ થી પ્રસિદ્ધ થયેલ જાહેરનામાં ક્રમાંક: THE GUJARAT GOVERNMENT GAZETTE PART-II(Ext.) મુજબ બોર્ડની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ તા.૨૪/૦૯/૨૦૨૪ને મંગળવારના રોજ યોજાનાર છે. બોર્ડની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ માટે ખંડ-(૧) થી ખંડ-(૯) માટે ઉમેદવારો દ્વારા ઉમેદવારીપત્રો ભરેલ હતા. ઉમેદવારીપત્રો પરત ખેંચવા ચૂંટણી અધિકારી સમક્ષ ઉમેદવારો દ્વારા અથવા તેઓ દ્વારા નિયુક્ત કરેલ અધિકૃત વ્યક્તિ દ્વારા ઉમેદવારી પત્ર પરત ખેંચવા માટેની સમયાવધિ તા.૦૬/૦૯/૨૦૨૪ ને શુક્રવારના રોજ પૂર્ણ થયેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો - ૧૯૭૪ના વિનિયમ-૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો" ના નિયમ- ૧૦(૩) હેઠળ જે ઉમેદવારોના ઉમેદવારીપત્રોનો અસ્વીકાર કરવામાં આવેલ તેની અપીલ સુનાવણીની પ્રક્રિયા પૂર્ણ થયેલ છે. જેથી ચૂંટણી કાર્યરીતિના નિયમોના નિયમ-૧૨ હેઠળ હરીફ ઉમેદવારોની યાદી જાહેર કરવામાં આવે છે. હરીફ ઉમેદવારોની યાદી મુજબ મતપત્રો તૈયાર કરવામાં આવશે. હરીફ ઉમેદવારોની સંવર્ગવાર યાદી બોર્ડની વેબસાઈટ gseb.org પર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે જેની નોંધ લેશો.

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- ૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

**ખંડ – (૧) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના હેડમાસ્તરો (આચાર્યો)ના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"ના નિયમ-૧૦ મુજબ ઉમેદવારોના નામોની દરખાસ્તોની ચકાસણીના અંતે તેમજ નિયમ – ૧૧ મુજબ ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ ઉક્ત મતવિભાગ માટે નિયમ – ૧૨ મુજબ સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવારની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની સંસ્થાનું નામ | ઉમેદવારનો મતદાર યાદીમાંનો ક્રમ | ઉમેદવારનો મતદાર નોંધણી અરજીનો નંબર |
|---|---|---|---|---|
| ૧ | PATEL BHANUPRASAD AMRUTLAL (પટેલ ભાનુપ્રસાદ અમૃતલાલ) | શ્રી સી. જી. મેહ્તા વિદ્યામંદિર મુ.પો.ઉમેદગઢ, તા.ઈડર, જિ.સાબરકાંઠા | ૮૭ | ૧૦૪૫૭૨ |

આથી હું, અર્ચના ચૌધરી, ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઉપર દર્શાવેલ વિગતોથી ખંડ – (૧) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના હેડમાસ્તરો (આચાર્યો)ના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી જાહેર કરું છું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો" ના નિયમ-૧૪ મુજબ પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવાર એક જ હોઇ ઉકત ખંડની ચૂંટણી યોજવાની રહેતી નથી.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

### ખંડ – (૨) રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડમાસ્તરો અને શિક્ષકોના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"ના નિયમ-૧૦ મુજબ ઉમેદવારોના નામોની દરખાસ્તોની ચકાસણીના અંતે તેમજ નિયમ – ૧૧ મુજબ ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ ઉક્ત મતવિભાગ માટે નિયમ – ૧૨ મુજબ સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવારની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની સંસ્થાનું નામ | ઉમેદવારનો મતદાર યાદીમાંનો ક્રમ | ઉમેદવારનો મતદાર નોંધણી અરજીનો નંબર |
|---|---|---|---|---|
| ૧ | RAVAL JASVANTKUMAR KANTILAL (રાવલ જસવંતકુમાર કાન્તીલાલ) | સંસ્કારધામ ઉચ્ચતર ઉત્તર બુનિયાદી વિદ્યાલય, બંધવડ, તા.રાધનપુર, જિ.પાટણ | ૧૧૨ | ૩૭૫૫૬ |

આથી હું, અર્ચના ચૌધરી, ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઉપર દર્શાવેલ વિગતોથી ખંડ – (૨) રજિસ્ટર થયેલી ઉત્તર બુનિયાદી શાળાઓના હેડમાસ્તરો અને શિક્ષકોના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી જાહેર કરું છું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો" ના નિયમ-૧૪ મુજબ પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવાર એક જ હોઇ ઉકત ખંડની ચૂંટણી યોજવાની રહેતી નથી.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

### ખંડ – (૩) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"ના નિયમ-૧૦ મુજબ ઉમેદવારોના નામોની દરખાસ્તોની ચકાસણીના અંતે તેમજ નિયમ – ૧૧ મુજબ ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ ઉક્ત મતવિભાગ માટે નિયમ – ૧૨ મુજબ સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવારની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની સંસ્થાનું નામ | ઉમેદવારનો મતદાર યાદીમાંનો ક્રમ | ઉમેદવારનો મતદાર નોંધણી અરજીનો નંબર |
|---|---|---|---|---|
| ૧ | SONARA NILESHKUMAR KANJIBHAI (સોનારા નિલેશકુમાર કાનજીભાઈ) | શ્રી તક્ષશિલા વિદ્યાલય, ટીંબાવાડી, તા.જિ.જુનાગઢ | ૪૭૪ | ૮૬૬૧૪ |

આથી હું, અર્ચના ચૌધરી, ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઉપર દર્શાવેલ વિગતોથી ખંડ – (૩) ઉત્તર બુનિયાદી શાળાઓ સિવાયની રજિસ્ટર થયેલી શાળાઓના શિક્ષકોના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી જાહેર કરું છું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો" ના નિયમ-૧૪ મુજબ પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવાર એક જ હોઇ ઉકત ખંડની ચૂંટણી યોજવાની રહેતી નથી.

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- ૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

**ખંડ – (૪) માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલોના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"ના નિયમ-૧૦ મુજબ ઉમેદવારોના નામોની દરખાસ્તોની ચકાસણીના અંતે તેમજ નિયમ – ૧૧ મુજબ ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ ઉક્ત મતવિભાગ માટે નિયમ – ૧૨ મુજબ સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવારની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની સંસ્થાનું નામ | ઉમેદવારનો મતદાર યાદીમાંનો ક્રમ | ઉમેદવારનો મતદાર નોંધણી અરજીનો નંબર |
|---|---|---|---|---|
| ૧ | BAROT NIDATT PRABHUDAS (બારોટ નિદત્ત પ્રભુદાસ) | આઇ.એલ.ટી.બી.એડ. કોલેજ, કાલાવડ રોડ જિ.રાજકોટ | 3 | ૪૪૩૫૧ |

આથી હું, અર્ચના ચૌધરી, ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઉપર દર્શાવેલ વિગતોથી ખંડ – (૪) માધ્યમિક શિક્ષક તાલીમ કોલેજો અને સ્નાતક બુનિયાદી તાલીમ કોલેજોના પ્રિન્સિપાલોના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી જાહેર કરું છું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો" ના નિયમ-૧૪ મુજબ પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવાર એક જ હોઇ ઉકત ખંડની ચૂંટણી યોજવાની રહેતી નથી.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

ખંડ – (૫) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીવર્ગ (સ્ટાફ)ના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"ના નિયમ-૧૦ મુજબ ઉમેદવારોના નામોની દરખાસ્તોની ચકાસણીના અંતે તેમજ નિયમ – ૧૧ મુજબ ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ ઉક્ત મતવિભાગ માટે નિયમ – ૧૨ મુજબ સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવારની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની સંસ્થાનું નામ | ઉમેદવારનો મતદાર યાદીમાંનો ક્રમ | ઉમેદવારનો મતદાર નોંધણી અરજીનો નંબર |
|---|---|---|---|---|
| ૧ | PATEL VINODBHAI JETHABHAI (પટેલ વિનોદભાઈ જેઠાભાઈ) | શ્રી સરસ્વતી વિદ્યાલય દોલતપુરા, મુ.પો.મલેકપુર, તા.લુણાવાડા, જિ.મહિસાગર | ૨૫૧ | ૩૨૧૯૨ |

આથી હું, અર્ચના ચૌધરી, ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઉપર દર્શાવેલ વિગતોથી ખંડ – (૫) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના બિન શૈક્ષણિક કર્મચારીવર્ગ (સ્ટાફ)ના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી જાહેર કરું છું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો" ના નિયમ-૧૪ મુજબ પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવાર એક જ હોઇ ઉકત ખંડની ચૂંટણી યોજવાની રહેતી નથી.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

ખંડ – (૬) રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારી વર્ગ (સ્ટાફ)ના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"ના નિયમ-૧૦ મુજબ ઉમેદવારોના નામોની દરખાસ્તોની ચકાસણીના અંતે તેમજ નિયમ – ૧૧ મુજબ ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ ઉક્ત મતવિભાગ માટે નિયમ – ૧૨ મુજબ સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવારની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની સંસ્થાનું નામ | ઉમેદવારનો મતદાર યાદીમાંનો ક્રમ | ઉમેદવારનો મતદાર નોંધણી અરજીનો નંબર |
|---|---|---|---|---|
| ૧ | PATEL AJITKUMAR BABULAL (પટેલ અજીતકુમાર બાબુલાલ) | બી. આર. પટેલ સેકન્ડરી સ્કુલ, મુ.પો.ગઢોડા, તા.હિંમતનગર, જિ.સાબરકાંઠા | ૩૭૦ | ૧૦૫૮૮૧ |

આથી હું, અર્ચના ચૌધરી, ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઉપર દર્શાવેલ વિગતોથી ખંડ – (૬) રજિસ્ટર થયેલી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારી વર્ગ (સ્ટાફ)ના મતવિભાગના હરીફ ઉમેદવારની યાદી જાહેર કરું છું.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો" ના નિયમ-૧૪ મુજબ પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવાર એક જ હોઇ ઉકત ખંડની ચૂંટણી યોજવાની રહેતી નથી.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :-૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

## ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

### સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

**ખંડ – (૭) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના મતવિભાગના ઉમેદવારોની યાદી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"ના નિયમ–૧૦ મુજબ ઉમેદવારોના નામોની દરખાસ્તોની ચકાસણીના અંતે તેમજ નિયમ – ૧૧ મુજબ ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ ઉક્ત મતવિભાગ માટે નિયમ – ૧૨ મુજબ સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવારોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારની સંસ્થાનું નામ | ઉમેદવારનો મતદાર યાદીમાંનો ક્રમ | ઉમેદવારનો મતદાર નોંધણી અરજીનો નંબર |
|---|---|---|---|---|
| ૧ | BHAGORA CHETNA BACHUBHAI (ભગોરા ચેતના બચુભાઈ) | સરકારી માધ્યમિક શાળા મુ.પો.સીંગરવા, તા.દસક્રોઈ, જિ.અમદાવાદ | ૨૧૭ | ૨૦૦૦૬૪ |
| ૨ | JADEJA DIVYARAJSINH MAHAVIRSINH (જાડેજા દિવ્યરાજસિંહ મહાવીરસિંહ) | આલ્ફ્રેડ હાઈસ્કુલ, તા.ભુજ, જિ.કચ્છ | ૧૧૩ | ૯૨૧૦૩ |
| ૩ | JODHANI RAJESHKUMAR JIVANBHAI (જોધાણી રાજેશકુમાર જીવણભાઈ) | સરકારી માધ્યમિક શાળા(RMSA), મુ.પો.નાગલપર, તા.જિ.બોટાદ | ૧૦૪ | ૨૦૪૦૧૪ |
| ૪ | KHATANA VIJAYBHAI KALUBHAI (ખટાણા વિજયભાઈ કાળુભાઈ) | સરકારી માધ્યમિક શાળા, કુંભારવાડા, જિ.ભાવનગર | ૧૬૦ | ૭૨૨૯૦ |

આથી હું, અર્ચના ચૌધરી, ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઉપર દર્શાવેલ વિગતોથી ખંડ – (૭) સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકોના મતવિભાગના હરીફ ઉમેદવારોની યાદી જાહેર કરું છું.

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- ૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

GUJARAT SECONDARY AND HIGHER SECONDARY EDUCATION BOARD GANDHINAGAR

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

**ખંડ – (૮) મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓના મતવિભાગના હરીફ ઉમેદવારોની યાદી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"ના નિયમ–૧૦ મુજબ ઉમેદવારોના નામોની દરખાસ્તોની ચકાસણીના અંતે તેમજ નિયમ – ૧૧ મુજબ ઉમેદવારી પાછી ખેંચી લીધા બાદ ઉક્ત મતવિભાગ માટે નિયમ – ૧૨ મુજબ સામાન્ય ચૂંટણી - ૨૦૨૪ માટે પાત્રતા ધરાવતા હરીફ ઉમેદવારોની યાદી નીચે મુજબ છે.

| ક્રમ | ઉમેદવારનું નામ | ઉમેદવારના ટ્રસ્ટનું નામ | ટ્રસ્ટનો નોંધણી નંબર | ઉમેદવારનો મતદાર યાદીમાંનો ક્રમ | ઉમેદવારનો મતદાર નોંધણી અરજીનો નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | PATEL JAYANTIBHAI VIRDAS (પટેલ જયંતીભાઈ વીરદાસ) | અમૃત એજ્યુકેશન ટ્રસ્ટ, જિ.અમદાવાદ | ઈ-૧૯૭૮-અમદાવાદ | ૧૨૨ | ૩૮૨૦ |
| ૨ | KORAT PRIYAVADAN JIVARAJBHAI (કોરાટ પ્રિયવદન જીવરાજભાઈ) | શ્રી સરસ્વતી ચેરીટેબલ ટ્રસ્ટ, જિ.રાજકોટ | ઇ-૭૬૪-રાજકોટ | ૯૧ | ૪૩૬૨૪ |
| ૩ | PARDAVA MEHUL BHAYALAL (પરડવા મેહુલ ભાયાલાલ) | શ્રી નારાયણ એજ્યુકેશન ટ્રસ્ટ, જિ.રાજકોટ | ઈ-૪૯૯૩-રાજકોટ | ૨૩૧ | ૩૯૭૮૭ |

આથી હું, અર્ચના ચૌધરી, ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઉપર દર્શાવેલ વિગતોથી ખંડ – (૮) મંડળી રજીસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકોના પ્રતિનિધિઓના મતવિભાગના હરીફ ઉમેદવારોની યાદી જાહેર કરું છું.

સ્થળ :- ગાંધીનગર

તારીખ :- ૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

સામાન્ય ચૂંટણી – ૨૦૨૪

**ખંડ – (૯) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિયેશનના પ્રમુખોના મતવિભાગના હરીફ ઉમેદવારોની યાદી**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો"ના નિયમ–૧૦ મુજબ ઉમેદવારોના નામોની દરખાસ્તોની ચકાસણીના અંતે એક પણ ઉમેદવારી પત્ર માન્ય રહેલ નથી.

આથી હું, અર્ચના ચૌધરી, ચૂંટણી અધિકારી અને સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર ઉપર દર્શાવેલ વિગતોથી ખંડ – (૯) રજિસ્ટર થયેલી ખાનગી માધ્યમિક શાળાઓ અને રજિસ્ટર થયેલી ખાનગી ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વાલીઓના એસોસિયેશનના પ્રમુખોના મતવિભાગ માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો – ૧૯૭૪ ના વિનિયમ – ૫ હેઠળ નિયત થયેલ "ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ સભ્ય ચૂંટણી કાર્યરીતિ નિયમો" મુજબ પાત્રતા ધરાવતા એક પણ ઉમેદવાર ન હોઇ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની સામાન્ય ચૂંટણી-૨૦૨૪ હેઠળ ઉકત ખંડની ચૂંટણી યોજવાની રહેતી નથી એમ જાહેર કરું છું.

સ્થળ :- ગાંધીનગર
તારીખ :- ૧૦/૦૯/૨૦૨૪

(અર્ચના ચૌધરી)
ચૂંટણી અધિકારી અને
સચિવ
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.


GOYO
TECHNOLOGY MAKE LIFE EASY
Goyo Welcomes You
A Complete School Management System
Parents App | Teacher's App
1) Student Admission
2) Student Details
3) Attendance
4) Exam Schedule
5) Leave Management
6) Home work | Assignment
7) Holiday
8) Teacher Remark
9) Fee collection
10) Lunch Menu
11) Notification
12) Announcement
13) Report Cards
14) Certificates
15) Gallery
Transport
1) Live Tracking
2) Route Alert
3)Various Reports
4) Speed Alert
5) Stop Report
6) Travel Summary
7) Mileage Report
8) App | Software Hardware
Smart School
GPS
RFID
CCTV IN BUS
Employee tracker
Smart Rollover
Library
Event
Activities
24 x 7 Support
School
We help you to fully computerize your school management system
SCHOOL BUS
Call Us:
+91 9081 222 121 | +91 9081 222 131
Download GOYO App
App Store
GET IT ON Google Play

: ગુજરાતમાં સૌથી વધુ શાળાઓમાં ઉપયોગમાં લેવાતો એકમાત્ર સોફ્ટવેર :

# School Automation System

- શાળા તથા સંચાલક મંડળની માહિતી
- વિદ્યાર્થીને લગતા તમામ પત્રકો
- વિદ્યાર્થીની ફી ના તમામ રિપોર્ટ
- ફોટો કેપ્ચરિંગ/ આઈ કાર્ડ
- પરીક્ષાની માર્કશીટ તથા પરિણામ પત્રકો
- **નવીન સેમેસ્ટર સિસ્ટમ પદ્ધતિ**
- કર્મચારીઓની પગારની તમામ વિગત

અમારા અન્ય સોફ્ટવેર

- **OMR Solution (OMR Sheet Scanner)**
- સ્કૂલ એકાઉન્ટીંગ સિસ્ટમ
- ઇન્કમટેક્સ કેલ્ક્યુલેશન સિસ્ટમ
- લાઇબ્રેરી મેનેજમેન્ટ સિસ્ટમ
- ટાઈમ ટેબલ મેનેજમેન્ટ સિસ્ટમ
- સ્કૂલ એડમિનિસ્ટ્રેટીવ ફોર્મ્સ(હાઉસઓફ ફોર્મ્સ માત્ર ૯૯૯/-)
- **Online Examination (MCQ) System**

**SMS Facility :** આ સુવિધાની મદદથી વિદ્યાર્થીના વાલીને સોફ્ટવેર દ્વારા ફી,હાજરી,જન્મદિવસ,તેમજ પરિણામ, ટેસ્ટને લગતા ઓટો જનરેટેડ તેમજ **Customized SMS** થઇ શકશે.

**OMR Solutions :**



- એક જ મીનીટ માં ૪૦ થી ૫૦ ઉત્તરવહીનું પરિણામ તૈયાર થઇ શકે છે. (Self assessment)
- શાળા પોતાની જરૂરિયાત મુજબ OMR Sheets જાતે તૈયાર કરી શકે છે અને જાતે પ્રિન્ટ કરી શકે છે.
- જો ઓછા પ્રશ્નોની પરીક્ષા લેવાની હોય તો OMR Sheet Half Pageની પ્રિન્ટ કરી શકાય છે.
- તૈયાર થયેલા પરિણામને Excel માં લઇ શકાય છે.(Export Facility)
- દરેક વિદ્યાર્થીના ઉત્તરપત્ર આપોઆપ તપાસાઈ જશે તેથી મૂલ્યાંકન કાર્યવાહી ઝડપી બનશે.

❖ ફિંગર પ્રિન્ટ એન્ડ ટાઈમ એટેન્ડન્સ સિસ્ટમ




* તમામ સરકારી/બિનસરકારી ઓફિસો કે શાળાઓ,બેંક છાત્રાલય વગેરે માટે આ સિસ્ટમની મદદથી કર્મચારીઓના ઓફિસમાં આવવા/જવાનો સમય આંગળી/અંગુઠાની મદદથી નોંધી શકાશે.ઓફીસ/ શાળાનો સમય દિવસ તેમજ શીફ્ટ મુજબ સેટ કરી શકાશે.આ સિસ્ટમની મદદથી કર્મચારીઓની નિયમિતતાનો ખ્યાલ આવશે. છાત્રાલય:આ સિસ્ટમથી છાત્રાલયમાં બહારની કોઈપણ વ્યક્તિને પ્રવેશતી અટકાવી શકાશે.આ સિસ્ટમની મદદથી મસ્ટર, ડેઈલી ઇન-આઉટ, લેટ ઇન વગેરે જેવા ૪૫ રિપોર્ટ્સ પ્રિન્ટ કરી શકાશે.

❖ **Website Designing**

૨૭૦૦ થી પણ વધુ વેબસાઈટ અમારી દ્વારા તૈયાર કરાયેલ છે.

Unlimited Web Space
Right to Information Act ના પત્રકો, Annual Calender
All Details & History about schools with Photographs
All Details of Each Employee with Photographs
All Details of Each Trustee with Photographs
Toper List in board exam of 10th & 12th
Message from Principal ( Appeal )
Message from President or Managing Trustee ( Appeal )
Photographs of Activities & Function arranged in school.
Student Result , Presence, Fee Details
School Login For Upload Photos and Other Detail.

**WEBSITE**

**કોઈ પણ સોફ્ટવેર ખરીદતા પહેલા અમારા સોફ્ટવેરનો ડેમો અવશ્ય નિહારો**

**Aum Imagineering Pvt. Ltd.**
602/603-A, Shapath-1, Opp.Rajpath Club
S.G.Highway, Ahmedabad - 380015, Gujarat(Ind)
(M) : 9825847773/7600001219
(Ph): 079 - 26870704, 079 - 40054004

ડાહ્યાભાઈ પટેલ (થોળવાળા)
વિપુલ પટેલ

હાર્દિક શુભેચ્છા સહ...

મજબુત કામ..... વ્યાજબી દામ.......

# ઉમિયા એન્જીનીયર્સ





સ્કુલ બેન્ચીસ વિવિધ મોડેલમાં
રીવોલ્વીંગ ચેર,
ગ્રીન બોર્ડ
ઓફિસ ટેબલ
સ્ટોરવેલ,
લાઈબ્રેરી કબાટ
ટીચર્સ લોકર,
ન્યુઝ પેપર સ્ટેન્ડ
લેકચર સ્ટેન્ડ





ખુરશીઓ
રીવોલ્વીંગ ચકડોળ
(વિવિધ પ્રકારના ચકડોળ)
(વિવિધ પ્રકારના હિંચકા)
સી. સો
ઝુલા
કલાઈમ્બર

## વિશિષ્ટતાઓ

**ઉત્તમ કવોલિટી, વ્યજબી ભાવ, સેલ સર્વિસ, મોર્ડન ડિઝાઈન**







**તેમજ શાળાઓને ઉપયોગી તમામ સ્ટીલ અને વુડન ફર્નિચર
પ્લેગ્રાઉન્ડ ઈક્વીપમેન્ટ તદ્દન વ્યાજબી ભાવે આપનાર**

૧, વાસુદેવ એસ્ટેટ, હરેકૃષ્ણ કોમ્પલેક્ષની પાછળ, સી.ટી.એમ. ચાર રસ્તા પાસે,
હાટકેશ્વર - સી.ટી.એમ. રોડ, અમરાઈવાડી, અમદાવાદ - ૩૮૦ ૦૨૬.
**Tel.** : 079-25850251 **Mo.:** 98240 88501, 93270 00325
**Web.:** www.umiyaengineer.com, **Email :** umiya_engineers@yahoo.in

(ગ્રાહકને સંતોષ એ જ અમારો મુદ્રાલેખ છે.) સ્કુલ બેન્ચ અને
દરેક સીરીઝના બાલક્રિડાંગણના સાધનોના સ્પેશિયાલિસ્ટ

SHREE SARASWAT - MONTHLY Registered under RNI No. GUJGUJ/2006/17017 "Permitted to post at Ahd PSO on 28th monthly under postal Regd No. GAMC-919/2021-2023 issued by SSP Ahd valid up to 31-12-2023
Published on 28th Day of Every Month

## અભિનંદન... અભિનંદન... અભિનંદન...



**ગુજરાત રાજ્ય માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં
આચાર્ય સંવર્ગ ખંડ-૧ માં બોર્ડ મેમ્બર તરીકે**

## શ્રી ભાનુપ્રસાદ અમૃતલાલ પટેલ

**બિનહરીફ જાહેર થયેલ છે તે બદલ ગુજરાત રાજ્યના તમામ આચાર્ય મિત્રો
ખૂબ શુભેચ્છાઓ સહ અભિનંદન પાઠવે છે...**

રવાના :
**શ્રી અમિત આર. પંડ્યા**
શ્રી માતૃછાયા હાયર સેકન્ડરી સ્કૂલ,
સુખરામ નગર, ગોમતીપુર,
અમદાવાદ-૩૮૦૦૨૧
મો. ૯૯૭૪૫૨૫૨૩૨

બુક-પોસ્ટ

પ્રતિ, શ્રી, ______________________

______________________

______________________

માલિક : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ
તંત્રી, મુદ્રક, પ્રકાશક : જયપ્રકાશ પી. પટેલ
મુદ્રણ : રિલાએબલ આર્ટ પ્રિન્ટરી (અમદાવાદ) પ્રા. લિ., ૩૦૧, પુનિત પ્લાઝા, આશ્રમ રોડ, નવગુજરાત કોલેજ પાછળ, અમદાવાદ-૩૮૦૦૧૪
પ્રકાશન સ્થળ : ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ, સારસ્વત ભવન, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, પ્રિતમનગર, આશ્રમરોડ, અમદાવાદ.